


[ એપ્રિલ : ૧૯૮૨ * આત્મધર્મ (૪૬૨) * અંક : ૧૦ વર્ષ : ૩૮ ]

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો



૧. આ સમ્યગ્દર્શન સંસારભયનો નાશ કરનારું છે તથા સર્વ ગુણોનો આધાર છે. આવું સમ્યગ્દર્શન મને પ્રાપ્ત થયું છે. જો સંસાર-સમુદ્રમાં આ સમ્યગ્દર્શનરૂપી રત્ન મારાથી નષ્ટ થયું તો તે અર્ધપુદ્ગલપરાવર્તન કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કર્યા વિના ફરી મને પ્રાપ્ત નહિ થાય, તેથી પ્રમાદ કરવો મને બિલકુલ અયોગ્ય છે.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મૂલાચાર-બારભાવના અધિકાર, ગાથા ૬૭)

૨. ઇન્દ્રિયસુખના ભાજનોમાં પ્રધાન દેવો છે; તેમને પણ સ્વાભાવિક સુખ નથી; ઊલટું તેમને સ્વાભાવિક દુઃખ જ જોવામાં આવે છે; કારણ કે તેઓ પંચેંદ્રિયાત્મક શરીરરૂપ પિશાચની પીડા વડે પરવશ હોવાથી ભૃગુપ્રપાત સમા (જેમ કોઈ અતિ દુઃખીયો મનુષ્ય દુઃખથી કંટાળીને આપઘાત કરવા પર્વતની ટોચ ઉપરથી ભૂસકો મારે છે—નીચે ઝંપલાવે છે તેમ) મનોજ્ઞ વિષયોમાં ઝંપલાવે છે.

(શ્રી અમૃતચંદ્ર આચાર્ય, પ્રવચનસાર—ટીકા ગાથા ૭૧)

૩. જેમ કોઈ મૂર્ખ સુવર્ણના થાળમાં ધૂળ ભરે છે, અમૃત વડે પોતાના પગ ધૂએ છે, શ્રેષ્ઠ હાથી ઉપર લાકડાનો ભાર ઉપડાવે છે તથા કાગડાને ઉડાડવા માટે પોતાના હાથ વડે ચિંતામણી ફેંકી દે છે—તેમ અજ્ઞાની જીવ પ્રાપ્ત થયેલ અત્યંત દુર્લભ મનુષ્ય-જન્મને પ્રમાદને વશ થઈને વ્યર્થ ગુમાવે છે.

(શ્રી સોમપ્રભ આચાર્ય, સુક્તિ મુક્તાવલી શ્લોક ૫.)

૪. હે જીવ! તું અહીં અલ્પ દુઃખને પણ સહન કરી શકતો નથી તો વિચાર તો ખરો કે ચારગતિના ભયંકર દુઃખોના કારણભૂત કર્મોને તું શા માટે કરે છે?

(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મ-પ્રકાશ અધિકાર-૨, ગાથા ૧૨૦)

—o—

વાર્ષિક
લવાજમ
રૂપિયા નવ
વર્ષ ૩૮
અંક ૧૦
[ ૪૬૨ ]

વીર
સંવત
૨૫૦૮
A.D. 1982
APRIL




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# "શિવ સુખ માટે શુદ્ધાત્માનો અનુભવ કર"

[શ્રી યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૯–૬–૬૬ ]

શ્રી યોગીન્દ્રદેવ દિગંબર સંત મુનિ થઈ ગયા. અનાદિ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર ભગવાને કહેલો માર્ગ શ્રી યોગીન્દ્રદેવ યોગસાર તરીકે અહીં વર્ણવે છે. તેમાં આપણે ૨૯ મી ગાથા છેઃ—

જ્યાંલગી એક ન જાણિયો, પરમ, પુનિત, શુદ્ધ ભાવ;
મૂઢ તણા વ્રત–તપ સહુ, શિવહેતુ ન કહાય. ૨૯.

જ્યાં સુધી આ શરીર–વાણીથી ભિન્ન, અશુદ્ધ વિકારી ભાવથી રહિત, પરમ શુદ્ધ પરમ નિર્મળ આત્મભાવનો અનુભવ ન કરે, શુદ્ધ ચિદ્દઘન પવિત્ર આનંદકંદ આત્માનો અંતર્મુખ થઈને આત્માનું જ્ઞાન-શ્રદ્ધા-આચરણ ન કરે ત્યાં સુધી મૂઢ જીવોએ કરેલાં વ્રત–તપ આદિ નિર્થક છે, રાગની મંદતાનો શુભરાગ છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહ્યો એવો તદ્દન શુદ્ધ પવિત્ર સચ્ચિદાનંદ જ્ઞાયક અણાકૂળ શાંતરસથી ભરેલું આત્મતત્ત્વ છે, તેની શ્રદ્ધા–જ્ઞાન ને અનુભવ જ્યાં સુધી ન કરે ત્યાં સુધી અજ્ઞાની મૂઢ જીવના–સ્વરૂપના અજાણ જીવના વ્રત-તપ આદિ નિર્થક છે.

ભગવાન પરમેશ્વરે જે અવસ્થામાં પ્રગટ કર્યો છે એ જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ આત્મા, દેહમાં બિરાજમાન ચૈતન્યરત્ન આત્માનો જેને અનુભવ નથી એવા મૂઢ એટલે કે જ્ઞાતા-દ્દષ્ટા સ્વરૂપથી ભરેલ વસ્તુનું જેને ભાન નથી એવા મૂઢ જીવો ગમે તેટલા વ્રત-તપ કરે,

અનશન-ઉણોદરી કરે, વિનય કરે, યાત્રા કરે, ભક્તિ કરે, પૂજા કરે તોપણ એ બધાં એના ધર્મના ખાતે નથી. એ બધાં શુભભાવ બંધના ખાતે છે, સંસાર ખાતે છે.

નિજસ્વરૂપમાં આનંદ ને શુદ્ધતા ભરી પડી છે, તેને સ્પર્શે નહિ ને પોતાના નિજસ્વભાવના અજાણ મૂઢ જીવો દેવ-ગુરુ-શાસ્ત્રની વિનય-ભક્તિ-પૂજા-નામ સ્મરણ કરે તે બધાં શુભરાગરૂપી પુણ્ય છે, ધર્મ નથી. એ દેવ-ગુરુ-શાસ્ત્રની વૈયાવૃત્ત કરે, સેવા કરે પણ જેને આત્મસેવાની ખબર નથી કે હું એક જ્ઞાનાનંદ ચિદાનંદ શુદ્ધ ધ્રુવ અનાદિ અનંત પવિત્ર અનંત શાંતિની ખાણ–ખજાનો–આત્મા છું, એવા અતીન્દ્રિય આનંદનો જેને સ્પર્શ નથી, અનુભવ નથી એવા મૂઢ જીવના દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા આદિના ભાવો પણ એને સવંર અને નિર્જરામાં નથી, બંધમાં છે, એમાં બંધ થઈને ચાર ગતિમાં રખડે છે.

ભગવાન આત્મા સત્ સત્ સત્ શાશ્વત જ્ઞાન ને આનંદની ખાણ આત્મા છે. એના ભાન ને સ્પર્શ વિના જે કાંઈ શાસ્ત્રની સ્વાધ્યાયો કરે, ૧૧ અંગ ને ૯ પૂર્વ ભણે, એ બધા વિકલ્પો પુણ્ય–રાગ છે, એ ધર્મ નથી, સંવર–નિર્જરા નથી. ભગવાન આત્મા ચૈતન્યરત્ન છે. પ્રભુ! એને ખબર નથી. આ દેહ, વાણી, મન એ તો ધૂળ, માટી, જડ છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગની વાસના એ પાપ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ વિનયના જે વિકલ્પો ઊઠે તે પુણ્ય છે તે કાંઈ આત્મા નથી. એવા પુણ્ય–પાપના રાગ રહિત ભગવાન આત્મા વસ્તુ શાશ્વત, નિત્ય ધ્રુવ, એને સ્પર્શ કર્યા વિના મૂઢ જીવ સ્વાધ્યાય કરે, વિનય કરે, એ બધા વૃથા છે. સ્વસન્મુખના ભાન વિના પર સન્મુખ, થયેલા બધા વિકલ્પોની જાળ પુણ્ય કે પાપ એ બંધનું જ કારણ છે.

મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મૂઢ જીવના વ્રત–તપ બધું પુણ્યનો બંધ છે. આત્મા એક સમયમાં અખંડાનંદ પ્રભુ સત્‌ની ખાણ છે, સત્ શાશ્વત અનાદિ-અનંત અણ કરાયેલો શાશ્વત પદાર્થ છે. એમાં અંદર શાશ્વત આનંદ ને શાશ્વત શાંતિ પડ્યા છે. એવા શાશ્વત ભગવાન આત્મા અને શાશ્વત શાંતિ ને આનંદનો જે ભાવ એના સ્પર્શના ભાન વિના જે શાસ્ત્રસ્વાધ્યાય આદિ કરે, પર્યટના કરે, તે બધા એકલાં પુણ્ય–બંધનના કારણ છે. ભગવાન આત્મા વસ્તુએ અબંધ સ્વરૂપે છે, એને આવા પરિણામથી બંધન થાય છે. ભગવાન આત્મા શાશ્વત ધ્રુવ છે ને એના ગુણો જે છે એ પણ શાશ્વત ધ્રુવ છે. એના ગુણમાં તો જ્ઞાતા દૃષ્ટા આનંદ ને વીતરાગથી ભરેલો ભગવાન છે. એના અંતર સ્પર્શથી એની સન્મુખની દૃષ્ટિ વિના મૂઢ જીવ સ્વભાવના અજાણથી જેટલી ક્રિયા વ્રત, તપ આદિ કરે એ મોક્ષનો ઉપાય નથી, એ આત્માના છૂટવાનો ઉપાય નથી એ તો બંધનો ને રખડવાનો ઉપાય છે.

કેટલાક બેઠાં બેઠાં ભગવાન્ ભગવાન્ નમો અરિહંતાણમ્ વગેરે કરે છે–એ તો એક રાગ છે, વિકલ્પ છે. ભાઈ! શુભરાગ છે, પરલક્ષી વૃત્તિ છે, સ્વરૂપ અંદર શુદ્ધ છે એના

ભાન વિનાના આવા ભાવ એને સંવર-નિર્જરાનું કારણ નથી, બંધનું કારણ છે. રાગની દિશા પર તરફની છે અને સ્વભાવની દિશા અંતરમુંખની સ્વ તરફની છે પર તરફની દિશાના ભાવ એ સ્વ તરફની દિશામાં મદદ કરે એ ત્રણ કાળમાં બને નહીં.

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ, શાશ્વત આનંદની મૂર્તિ, જેમાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે, એવા આનંદને સ્પર્શ્યા વિના, એવા આનંદને જાણીને પ્રતીત કર્યા વિના જેટલા આવા ભાવ વ્રત નિયમ આદિના થાય તે પર તરફના વલણની વૃત્તિઓ આત્માને અંતર્મુખ થવા માટે જરીયે મદદગાર નથી. ભગવાન આનંદનો નાથ પ્રભુ એને અડયા વિના સ્પર્શા વિના આવી રાગની ક્રિયાઓથી મોક્ષમાર્ગ નથી, સંસારમાર્ગ છે. દયા-દાન-વ્રત-ભક્તિ એ તો બધી બહિર્મુખ વલણવાળી લાગણીઓવાળી વૃત્તિ છે. અંતર્મુખ પરમાત્મા પોતે નિજાનંદથી ભરેલો છે એના સન્મુખથી વિમુખની વૃત્તિ છે. એ વિમુખની વૃત્તિઓના ભાવથી આત્માને પુણ્ય ને સંસાર જ છે, તે પુણ્ય બંધના કારણ છે. સાધુ થાય ૨૮ મૂળગુણ પાળે, એક વાર ઊભા ઊભા આહાર લે, નગ્નપણું, સામાયિક, ષટ્-આવશ્યકના વિકલ્પો એવા ૨૮ મૂળગુણ પાળે તોપણ એ સંસાર ને પુણ્યવર્ધક છે. ભગવાન તારી પાસે કયાં મૂડી ઓછી છે? જ્યારે આત્મા સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાનપણાને પામે, અનંત આનંદ આદિ દશાને અરિહંત-સિદ્ધપણાને પામે એ બધી નિર્મળદશાની ખાણ તો આત્મા છે, એ કાંઈ દશા બાહરથી આવતી નથી. ભગવાન આત્મા એક સમયમાં સત્ સત્ સત્ ચિદ્ આનંદ ચિદ્ જ્ઞાન આદિ શક્તિઓનો રસકંદ એનો જ્યાં અંતર આદર નથી, સન્મુખ નથી, સાવધાની નથી, રુચિ નથી, તેને જ્ઞેય કરીને તેનું જ્ઞાન નથી, તેમાં ઠરતો નથી, ત્યાંસુધી બધા બાહરના વ્રત-તપ આદિ ચાર ગતિમાં રખડવાના કારણ છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી શોભિત તત્ત્વ છે. એની અંતરમાં એકાગ્ર થઈને અતીન્દ્રિય આનંદના શાંતિનો સાગરો ઊછળે એને તપ કહે છે. જેમ મેરૂથી સોનું શોભે એમ ભગવાન આત્માની એકાગ્રતાથી એની દશામાં અતીન્દ્રિય આનંદની સરતી આવે એનું નામ તપ કહે છે, જે જાતનો ભાવ આત્માનો છે તે જાતનો ભાવ તેની દશામાં પ્રગટ થાય તેને મોક્ષનો માર્ગ કહે છે. એ જાતના ભાવથી વિપરીત ભાવ એ બધા સંસાર ખાતે પુણ્ય ખાતે છે. પ્રભુ અનંત ગુણોનો આતમરામ છે, એની સન્મુખ થઈને એને જ્ઞાન એની પ્રતીત ને આચરણ એ સંવર ને નિર્જરા છે. એનાથી જેટલા વિમુખભાવ -સમ્યગ્દૃષ્ટિના વિમુખ ભાવ એ પણ બંધનું કારણ છે.

બધું જાણ્યું પણ ભગવાન જાણ્યો નહીં, મહા પ્રભુ, ચૈતન્ય પ્રભુ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વસ્તુ તરીકે અરૂપી આનંદઘન ચૈતન્ય છે, એમાં શાંત વીતરાગતાના રત્નો અનંત ભર્યા છે એવા ચૈતન્યરત્નની અનુભવ દૃષ્ટિ વિના એટલે કે તેની કિંમત ને બહુમાન કર્યા વિના જેટલા વ્રત-તપ આદિ કરવામાં આવે એ સંસાર

ખાતે છે. વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ જેને પર્યાયમાં-અવસ્થામાં હાલત-દશામાં સ્વભાવના અંતર આશ્રય વડે પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ વીતરાગતા પ્રગટ થઈ, ત્યારે ભગવાનની ઇચ્છા વિના વાણી નીકળી. એ વાણીમાં જે આવ્યું એને સંતો અહીં ફરમાવે છે. યોગીન્દ્રદેવ દિગમ્બર મુનિ જંગલવાસી-વનમાં રહેતા હતા એમણે કહ્યું કે-ભાઈ! તારી ચીજના અજાણ અને પરચીજના ભ્રમણવાળા ગમે તેવા પુણ્યના ભાવ હો એ તારા આત્માને બંધનને માટે ને રખડવા માટે છે, છૂટવા માટે નથી.

વ્રત-તપ-સંયમ-ઈન્દ્રિયદમન ને મૂળગુણ. એકવાર આહાર લેવો આદિ કરે પણ જે આત્માના શુદ્ધ ચિદાનંદના અજાણ છે એને મોક્ષ નથી કહ્યો, એને સંવર-નિર્જરા કહ્યા નથી. જ્યાં સુધી ભગવાન આત્મા પવિત્ર છે એનું સમ્યગ્દર્શન ને અનુભવ ન હોય ત્યાં સુધી આ બધા ફોગટ છે, એકડા વિનાના મિંડા છે, રણમાં પોક મૂકવા જેવા છે. ૨૯.

હવે ૩૦ મી ગાથા કહે છે:—

**જે શુદ્ધાતમ અનુભવે, વ્રત-સંયમ સંયુક્ત,**
**જિનવર ભાખે જીવ તે, શીઘ્ર લહે શિવસુખ. ૩૦.**

જે કોઈ આત્મા નિર્મળ આનંદકંદ, શુદ્ધ જ્ઞાનઘન પ્રભુને જાણે છે. નિર્મળ શુદ્ધ ચિદ્ઘન વસ્તુને અનુસરીને નિર્વિકલ્પ વડે આત્માને અનુભવે છે, નિર્વિકલ્પ એટલે રાગની મલિનતાની વિપરીત દશા વિના નિર્મળાનંદ પ્રભુને નિર્મળ અનુભવથી જે અનુભવે છે, એને વ્રત ને સંયમનો વ્યવહાર હો પણ એ વસ્તુ સહિત છે તો એમાં વ્યવહાર નિમિત્ત તરીકે ત્યા કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન ને અનુભવ વિનાના વ્રતાદિ હતા એ તો નિમિત્તપણે પણ કહેવામાં આવ્યા નથી. અહીં તો નિમિત્તપણું સિદ્ધ કરવું છે. વ્રત-સંયમ-ઈન્દ્રિયદમન સહિત નિર્મળ આત્માનો અનુભવ કરે તે અલ્પકાળમાં શીઘ્ર સિદ્ધ પરમાત્માનું સુખ પામે છે. પોતે આત્માના અંતર-અનુભવ શુદ્ધ ચૈતન્યને અનુભવે એની સાથે એને વ્રત, નિયમના નિમિત્તરૂપે વિકલ્પો-વ્યવહાર હોય છે તો એ બધું-વ્યવહાર ક્રમે ક્રમે છોડી એ પોતાના સિદ્ધ સુખને પ્રાપ્ત કરશે.

આ આત્મા કેવો એની એને ખબર નથી, જે કિંમત કરવા લાયક ચૈતન્યરત્ન તેની કાંઈ કિંમત નહીં ને આ દેહ, વાણીની ક્રિયા ને દયા-દાનના પરિણામ જે કાંઈ કિંમત કરવા લાયક નથી તેની એને કિંમત ને તેનો મહિમા; પણ સર્વજ્ઞપરમાત્મા વીતરાગ ત્રિલોકનાથ અનંત આનંદને પ્રાપ્ત થયા એ બધી નિર્દોષ દશાઓ પરમાત્મસ્વરૂપે અંદર આત્મામાં પડી છે એવો નિર્મળ ભગવાન આત્મા છે એની એને કિંમત નથી. વર્તમાન શાશ્વત ધ્રુવ નિર્મળ ભાવ પડ્યો છે એની અંતરદૃષ્ટિ ને આચરણ જેને છે એને ભલે વ્રત-સંયમ નિમિત્ત તરીકે હો, રાગની મંદતા તરીકે વ્યવહાર-આચરણ હો પણ ખરું મોક્ષનું

કારણ જે છે તેની સાથે આ હોય છે એટલે ધીમે ધીમે આને છોડી દઈને કેવળજ્ઞાનને સિદ્ધસુખને પામશે. નિમિત્તપણું હોય છે, સ્વરૂપના શુદ્ધ ઉપાદાનના શ્રદ્ધા જ્ઞાન ને આચરણની ભૂમિકામાં, પૂર્ણ શુદ્ધતા પ્રગટ થઈ નથી તેથી થોડી અશુદ્ધતાનો તે ભૂમિકાને યોગ્ય વ્યવહાર-રાગની મંદતા હોય છે, એને નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. ચોથે ગુણસ્થાને પણ આત્માનુભવ હોય છે પણ જ્યાં વિશેષ સ્થિરતા છે ત્યાં વ્રત-નિયમના આવા પરિણામ હોય એને તો વિશેષ સ્થિરતા હોય છે એમ અહીં બતાવવું છે.

જ્યાં આ આત્મા અંદર પોતાના પંથે ચડયો છે પણ જ્યાં સુધી વ્રતના પરિણામ-વિકલ્પ જોઈએ એવી ભૂમિકા યોગ્ય સ્થિરતા નથી થઈ ત્યાં સુધી એને ઉગ્ર આચરણ રૂપી સાધુપણું હોતું નથી અને જ્યાં ઉગ્ર આચરણ હોય છે ત્યાં આવા પંચમહાવ્રતના વિકલ્પો હોય છે-એમ વાત સિદ્ધ કરે છે. આવું જિનેન્દ્ર ભગવાનનું કથન છે. જિનેન્દ્ર-દેવ, વીતરાગ, પરમેશ્વર ત્રિલોકનાથ, સો ઇન્દ્ર દ્વારા પૂજનિક, સમોવસરણના નાયક, લાખો સંતોના સૂર્ય-ચંદ્ર, લાખો સાધુરૂપી તારા એમાં આ ચંદ્ર, એના મુખેથી આ વાણી આવી છે. અહીં તો સ્વરૂપનું અજ્ઞાન અને રાગ-દ્વેષની અસ્થિરતા જે પડી છે એને સ્વભાવના ભાને ટાળી શકાય છે, એમ વાણીમાં આવ્યું છે.

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ સમવસરણ સભામાં આમ કહેતા હતા. ભગવાન આત્મા અનંત ચૈતન્ય આનંદના રસથી ભરેલો પ્રભુ છે, એની જેને અંતરમાં અનુભવની ઉગ્રતાની ચારિત્રદશા-રમણતા હોય એની સાથે એ વખતે ઉગ્ર ચારિત્રમાં નિમિત્ત તરીકે વ્રત આદિના પરિણામ હોય તો એ ક્રમે રાગનો અભાવ કરી શુદ્ધતાને વધારી અને પૂર્ણ આનંદ-સિદ્ધિના સુખને મુક્તિના સુખને પામશે એમ જિનનાથે વર્ણન કર્યું છે. ૩૦.

હવે ૩૧ મી ગાથામાં કહે છે કે એકલો વ્યવહાર નકામો છે.

**જ્યાં લગી એક ન જાણિયો, પરમ, પુનિત, શુદ્ધભાવ;**
**વ્રત-તપ-સંયમ-શીલ સહુ, ફોગટ જાણો સાવ. ૩૧.**

હે જીવ! જ્યાંસુધી એક ભગવાન આત્માનો વીતરાગભાવ શુદ્ધભાવ આનંદભાવ એવો એક આત્માનો અંતરભાવ, શુદ્ધ ધ્રુવસ્વભાવ, શાશ્વત આનંદ વીતરાગભાવ તેને ન જાણે, શુદ્ધ ઉપયોગ પ્રગટ ન કરે ત્યાં સુધી એના બધા વ્યવહાર વ્રતાદિ ફોગટ ફોગટ છે. વ્રત પાળે, વૈયાવૃત્ત કરે, દેવ-ગુરુનો વિનય કરે, શાસ્ત્રસ્વાધ્યાય કરે, ઇન્દ્રિયનું દમન કરે એ બધું કષાયની મંદતાનો સ્વભાવ ફૂણો ફૂણો છે પણ એ બધું અકૃતાર્થ છે, એનાથી તારું કાંઈ સિદ્ધ થાય એમ નથી.

ભગવાન આત્મા વીતરાગભાવ, આનંદભાવ, શાંતભાવ, અકષાયભાવ, સત્‌ભાવ,

પ્રભુતાભાવ, પરમેશ્વરભાવ, એવા અનંતા શુદ્ધભાવોનો ભરેલો ભગવાન, એવા શુદ્ધભાવને જ્યાં સુધી અંતર્મુખ થઈને ન જાણે ત્યાં સુધી અજ્ઞાનીના વ્યવહાર-ચારિત્ર વૃથા છે. એકડા વિનાના મીંડા છે, રણમાં પોક મૂકવા જેવા છે, પુણ્ય બાંધીને સંસાર વધારનારા છે.

ભગવાન આત્મા પોતાના શુદ્ધભાવના ભંડારનું જ્યાં સુધી તાળું ખોલે નહીં ત્યાં સુધી શુભભાવના એ શુભરાગની ક્રિયાને શુભ ઉપયોગ પણ કહેવાતો નથી. દૃષ્ટિ મિથ્યાત્વ છે તે ખરેખર અશુભ જ પરિણામ છે. આત્માનું સ્વરૂપ વીતરાગભાવ છે, તેનો અનુભવ શુદ્ધ ઉપયોગરૂપ ભાવ છે, આવો ભાવ જ્યાં સુધી ન કરે ત્યાં સુધી વ્રત-તપ-સંયમ-શીલ એ બધું અકૃતાર્થ છે, મોક્ષને માટે અકાર્ય છે. કરોડો જન્મ સુધી કોઈ વ્રત, નિયમ, તપસ્યા કરે પણ ભગવાન આત્માના અંતર અનુભવ ને સમ્યગ્દર્શન વિના એ ચાર ગતિમાં રખડવાના પંથે પડ્યો છે. શુભાશુભ પરિણામથી નિવૃત્તિ અને ભગવાન આત્માની દૃષ્ટિ સહિત શુદ્ધ ઉપયોગની રમણતા કરે એનું નામ ખરું ચારિત્ર અને એની સાથે અશુભની નિવૃત્તિ ને શુભભાવ હોય તે વ્યવહારચારિત્ર છે. વ્યવહારચારિત્ર બંધનું કારણ અને નિશ્ચયચારિત્ર સંવર ને નિર્જરાનું કારણ છે.

અનંત ભવ સુધી આત્માના અનુભવ વિનાની ક્રિયા અનંતવાર કરે તોપણ એને કાંઈ પણ લાભ થતો નથી. ૩૧.

આત્માનો જે દ્રવ્યસ્વભાવ છે એ દ્રવ્યસ્વભાવે પરિણમવું એ મોક્ષનું કારણ છે અને રાગાદિ તો પરદ્રવ્યસ્વભાવ છે. પંચમહાવ્રત દયા-દાન આદિના વિકલ્પો એ તો પરદ્રવ્યસ્વભાવ છે. પરદ્રવ્યસ્વભાવ તો દુર્ગતિ છે, બંધન છે. સ્વદ્રવ્યસ્વભાવ એ સદ્ગતિ છે. માર્ગ તો એક હોય ત્રણ કાળમાં, 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ,' કાંઈ બે માર્ગ હોય નહીં. સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ વીતરાગદેવે કહેલો જે નિશ્ચય સ્વ-આશ્રય માર્ગ તે એક જ મોક્ષનો માર્ગ છે. પરાશ્રય તે મોક્ષમાર્ગ હોય જ નહીં.

પુણ્ય ને પાપ બન્ને સંસાર છે તેમ હવે ૩૨ મી ગાથામાં કહે છેઃ—

પુણ્યે પામે સ્વર્ગ જીવ, પાપે નરક નિવાસ;
બે તજી જાણે આત્માને, તે પામે શિવવાસ ૩૨.

દયા-દાન-વ્રત-ભક્તિનો શુભભાવ કરે તો પુણ્યથી સ્વર્ગ મળે અને પાપ કરે તો નરકમાં જાય. શુભભાવ કરે તો સ્વર્ગમાં જાય પણ અંતે તો બધી ધૂળ જ છે. આચાર્યદેવ કહે છે કે પુણ્ય કરીશ તો આ સ્વર્ગ આદિ ધૂળ મળશે ને પાપ કરીશ તો નરકમાં જઈશ. હિંસા-જૂઠું-ચોરી, ભોગ-કામ-ક્રોધ-વાસના-મહા વિષય વાસના-વિકાર, પરસ્ત્રી લંપટપણું, દારૂ માંસના ખાવાના ભાવ હશે તો નરકમાં જઈશ. પરંતુ બંનેને છોડીને આત્માનું શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્ર કરીશ તો મોક્ષે જઈશ. વિશેષ કહેવાશે. (-ક્રમશઃ)

# ૮૪ના અવતારમાં રખડતા પાગલ જીવને ડાહ્યા કરવાની રીત શું?

[ શ્રી ઇષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૪-૩-૬૬ ]

આ ઇષ્ટોપદેશ છે. અહીં શિષ્યને પ્રશ્ન થાય છે કે સ્ત્રી આદિ પ્રત્યે રાગ અને શત્રુ પ્રત્યે દ્વેષ કરવાવાળો પુરુષ પોતાનું શું બગાડે છે? જેથી આપ રાગ-દ્વેષ કરવા લાયક નથી એમ કહો છો.

પોતાના સિવાય સ્ત્રી આદિ પર પદાર્થમાં રાગ કરે એટલે એના પ્રત્યે પ્રેમ છે તો બીજા પ્રત્યે દ્વેષ હોય જ છે. સમ્યગ્દૃષ્ટિ તો હું જ્ઞાતાદૃષ્ટા છું એવી દૃષ્ટિ હોવાથી જગતમાં કોઈ પદાર્થ એને પ્રેમ કરવા લાયક તથા દ્વેષ કરવા લાયક છે જ નહીં. આત્મા તો જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે; એનું ભાન થયું કે હું તો જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્ય છું. મારા સિવાય અન્ય પદાર્થ અનંત છે તે મારા જ્ઞાનમાં જ્ઞેય છે, જાણવા લાયક છે, એવું ધર્મી જીવ જાણે છે. પોતાનો શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ્ઞાન આનંદરૂપ છે એવી દૃષ્ટિ થઈ છે તેથી જ્ઞાની પોતાના સિવાય અનંત પદાર્થના બે ભાગ કરતા નથી. એક ઇષ્ટ છે ને એક અનિષ્ટ છે એવા ભાગ સમ્યગ્જ્ઞાની કરતા નથી. પોતાનું સ્વરૂપ જ્ઞાન ને આનંદરૂપ છે એવું જેને ભાન નથી એવા અજ્ઞાની પ્રાણી, જગતના બધા પદાર્થ જ્ઞાનમાં જ્ઞેય તરીકે હોવાં છતાં એક ઠીક છે, ગ્રહણ કરવા લાયક છે, એક અઠીક છે, દ્વેષ કરવા લાયક છે એમ બે ભાગ મિથ્યાદૃષ્ટિ કરે છે.

અમારો આ પદાર્થ, અમારું ગામ, અમારો દેશ, એવો જેને પ્રેમ છે એને એનાથી વિરુદ્ધ પદાર્થ પર દ્વેષ હોય છે, હોય છે ને હોય છે. સ્ત્રી આદિ પ્રિય પદાર્થ છે; શરીર પ્રિય છે, એમાં પ્રેમ કરવો તથા બીજો પદાર્થ એનાથી વિરુદ્ધ છે એમાં દ્વેષ કરવો-આમાં બગાડ શો આવ્યો? શિષ્યનો પ્રશ્ન છે કે જો રાગ-દ્વેષ કરવા લાયક નથી એવું તમે કહો છો તો એનો હેતુ શું છે? તેના સમાધાનરૂપે આચાર્યદેવ ગાથા કહે છે :—

દીર્ઘ દોર બે ખેંચતા, ભમે દંડ બહુ વાર,
રાગ-દ્વેષ અજ્ઞાનથી, જીવ ભમે સંસાર. ૧૧.

જેની દૃષ્ટિ મિથ્યા છે તે અજ્ઞાનથી અર્થાત્ પોતાનું સ્વરૂપ જ્ઞાનમૂર્તિ છે, જગતનો જ્ઞાતા-દૃષ્ટા છે, પોતામાં કોઈ ચીજ પ્રિય-અપ્રિય છે નહીં-એવું સમ્યક્ જ્ઞાન ન હોવાથી

અજ્ઞાની રાગ-દ્વેષ રૂપી એ લાંબી દોરી ખેંચી ખેંચીને સંસારરૂપી સમુદ્રમાં ઘણો સમય સુધી ભમતો રહે છે.

પોતાના શુદ્ધ જ્ઞાનસ્વરૂપને ભૂલીને શરીર ઠીક હો તો મને ઠીક, મારો દેશ ઠીક હો તો મને ઠીક, મારું કુટુમ્બ ઠીક હો તો મને ઠીક-એમ અજ્ઞાની રાગ કરે છે, મિથ્યા-દૃષ્ટિના રાગની અહીં વાત છે. અમારા સંપ્રદાયના શ્રાવક બધાં સુખી હો તો અમને ઠીક. એનો અર્થ કે જેણે શ્રાવકને પોતાના માન્યા તે મિથ્યાદૃષ્ટિ છે. પોતાનું કોઈ છે જ નહીં. શ્રાવક-શ્રાવિકા-સંપ્રદાય એ કોઈ પોતાનું છે જ નહિ.

અમારું કુટુંબ-સ્ત્રી આદિ બધા સુખી હોય તો ઠીક એવો જે રાગ છે, તે મિથ્યાદૃષ્ટિનાં મહાન મિથ્યાત્વના પાપની ભૂમિકામાં આવો રાગ હોય છે. કેમ કે જગતની ચીજ જ્ઞેય તરીકે એકરૂપ છે ને આત્મા જ્ઞાતા તરીકે એકરૂપ છે પરંતુ અજ્ઞાનીએ પોતાના જ્ઞાન-સ્વરૂપનું શ્રદ્ધા-જ્ઞાન છોડી દઈને જ્ઞેય તરીકે જાણવા લાયક એકરૂપમાં બે ભાગ પાડયા છે.

પોતાનું સ્વરૂપ જ્ઞાન-જ્ઞાતા-દૃષ્ટા છે તેને છોડીને જે અનંત ચીજ છે તે જ્ઞાનમાં ઇષ્ટ-અનિષ્ટ કરવા લાયક છે જ નહિ. બધી ચીજ જ્ઞાનમાં જાણવાલાયક છે. આત્મા પ્રત્યે પ્રેમનો વિકલ્પ આવે છે એ બીજી વાત છે પરંતુ એ પ્રેમ સારો છે એવું માનવાવાળા પર પ્રત્યે દ્વેષ કર્યા વિના રહેશે જ નહીં. અહીં કહે છે કે આત્માનું સ્વરૂપ શુદ્ધ-ચિદાનંદ છે. એનું જેને જ્ઞાન નથી તે પોતાના સિવાય બીજા પદાર્થમાં કોઈને પ્રેમ કરે છે તો કોઈ પ્રત્યે દ્વેષ કરે છે, અજ્ઞાનીને આવો રાગ-દ્વેષ કરવાથી પોતાનો ચૈતન્ય પ્રાપ્ત થતો નથી.

અજ્ઞાનથી એક ઉપર પ્રેમ કરે છે તો બીજા ઉપર દ્વેષ થયા વિના રહેશે જ નહિ. પોતે વિશ્વ ઉપર પ્રેમ કરે તો વિશ્વ પ્રત્યે પ્રેમ નહિ કરનાર ઉપર દ્વેષ થયા વિના રહેશે નહિ. આ અજ્ઞાનીના રાગ-દ્વેષની વાત છે. જ્ઞાનીને થોડો રાગ હોય છે એને એ જ્ઞેય તરીકે જાણે છે. રાગનો રાગ નહિ, દ્વેષનો દ્વેષ નહિ. રાગ આદિ થોડા વિકલ્પો હોય છે. એને સમ્યગ્દૃષ્ટિ જાણે છે. શુભ રાગ ઠીક ને અશુભ રાગ અઠીક એવું મિથ્યાદૃષ્ટિ માને છે. એક બાજુ રામ ને એક બાજુ ગામ. ભગવાન આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એને જગતની બીજી કોઈ ચીજ પ્રેમ કરવા લાયક છે જ નહિ. પ્રેમ કરવા લાયક જો કોઈ પદાર્થને માન્યો તો એના વિરુદ્ધમાં દ્વેષ કર્યા વગર રહેશે નહિ. રાગ-દ્વેષ કરવો એ આત્માનો સ્વભાવ છે જ નહિ. છતાં એ રાગ-દ્વેષ કરે છે એ મિથ્યાદૃષ્ટિ રાગ-દ્વેષનો કર્તા થઈને નવા કર્મ બાંધે છે ને ૮૪ માં રખડે છે. એવા પાગલને ડાહ્યા કરવાની રીત શું ?-કે આત્મા જ્ઞાનસ્વરૂપી છે એવો નિશ્ચય કરો અને કોઈ પદાર્થ પ્રેમ કે દ્વેષ કરવા લાયક જગતમાં છે જ નહીં આવો નિર્ણય કરવો તે પાગલમાંથી ડાહ્યા કરવાની રીત છે.

ત્યાગી નામ ધારીને, શ્રાવક નામ ધારીને જો તે એમ માને કે શરીર ઠીક હોય તો ધર્મ ઠીક થાય—એ મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. શરીર નિરોગી હશે તો મારાથી દયા થશે એવું જે માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાદૃષ્ટિ રાગ કરે છે તો શક્તિરૂપે દ્વેષ છે જ અને જો દ્વેષ કરે છે તો શક્તિરૂપે રાગ છે જ. જ્ઞાની સમ્યગ્દૃષ્ટિને રાગ દ્વેષ હોતો નથી, પોતાની કમજોરીથી થોડા રાગ આદિ આવે છે તે રાગનો રાગ નથી પરન્તુ રાગનું જ્ઞાન કરે છે. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જે મૂઢ જીવ છે તેને કોઈ પણ પ્રાણી પ્રત્યે આ દયા પાળવા લાયક જીવ છે, રક્ષા કરવા લાયક છે એવો જે રાગ છે એ મિથ્યાદૃષ્ટિનો રાગ છે. એને જે રાગ આવ્યો તો એનાથી વિરુદ્ધ દ્વેષ આવશે જ.

જીવ અજ્ઞાનથી રાગ–દ્વેષ રૂપી બે લાંબી દોરી વડે સંસારમાં રખડતાં રહે છે. એક તરફ રાગ કે આ પ્રાણી રક્ષા કરવા લાયક છે, આ દેહ મારો છે, આ શરીર, આ સ્ત્રી મારી છે એવો પ્રેમ અને તેનાથી વિરુદ્ધમાં દ્વેષ ભાવ; એવા રાગ–દ્વેષ રૂપી લાંબી દોરીના ખેંચતાણથી સંસારરૂપી સાગરમાં ઘણાં કાળ સુધી ઘૂમતો રહે છે. ૮૪ના અવતારમાં તરફડતો રહે છે. પરિવર્તન કરતો રહે છે. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભવ ને ભાવ એ પંચ પરાવર્તનરૂપ આ સંસારમાં રખડયા કરે છે.

આ સંસારમાં આત્મા સિવાય અનંત રજકણો છે, એના સંબંધમાં રખડવાનું છે તે દ્રવ્ય સંસાર પરાવર્તન છે. આત્માને ૧૪ બ્રહ્માંડમાં દરેક ક્ષેત્રમાં જન્મ લેવો તથા મરવું તે ક્ષેત્રપરાવર્તન છે. દરેક સમયમાં અનંતવાર જન્મ લેવા તથા મરવું તે કાળ પરાવર્તન છે. નરક–મનુષ્ય–ઢોર–સ્વર્ગ એવા અનેક ભવ કરવા તે ભવ પરાવર્તન છે. શુભ ને અશુભ ભાવ, દયા–દાન, વ્રત પરિણામ તે શુભ, જૂઠું ચોરી, હિંસા, અશુભ એમાં રખડવું ને આ મારો છે એ માનીને રખડવું તે ભાવપરાવર્તન છે.

સ્ત્રી–પુત્ર તે સંસાર નથી, સંસાર તો એની પર્યાયમાં જે રાગ-દ્વેષ અજ્ઞાન છે તે સંસાર છે. સ્ત્રી-પુત્ર સંસાર હો તો મૃત્યુકાળમાં આ દેહ–સ્ત્રી–પુત્ર અહીં પડયા રહેશે, દેહ છૂટી જશે એટલે સંસાર છૂટી જશે અને મોક્ષ થઈ જશે કેમ? પરંતુ તે સંસાર છે જ નહીં. પોતાના જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા છોડીને હું પરનું કરી શકું, પરમાં પ્રેમ અને દ્વેષ એવા મિથ્યાત્વ સહિતનો ભાવ એ મિથ્યાદૃષ્ટિનો ભાવ જ સંસાર છે.

પોતાના જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સિદ્ધ સમાન સ્વરૂપને ભૂલીને રાગ–દ્વેષમાં પ્રીતિ કરીને એ ઠીક છે એવી માન્યતા તે જ સંસારમાં પરિભ્રમણનું મૂળ છે. પંચ પરાવર્તનરૂપ સંસારમાં શુભ ને અશુભ બન્ને ભાવ સંસાર છે એમ આવ્યું. પંચ પરાવર્તનરૂપ એ પાંચમાં વારંવાર પરાવર્તન કરીને ચારે ગતિમાં રખડે છે. કોઈ કહે છે કે કર્મ

રખડાવે છે. પણ કર્મ કયાં રખડાવે છે? કર્મ તો જડ છે, એ તો જ્ઞાનમાં જ્ઞેય છે. કર્મ અમને નુકશાન કરશે એવી માન્યતા મિથ્યાત્વ છે.

સમ્યગ્દષ્ટિને પંચ પરમેષ્ઠી દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે પ્રેમ ને એનાથી વિરુદ્ધ કુગુરુ–કુદેવ–કુશાસ્ત્ર પ્રત્યે દ્વેષનો અંશ છે, પણ એ રાગ અને દ્વેષ પોતાના જ્ઞાતાનું જ્ઞેય છે. તેને પોતાના માનતો નથી, પોતાથી થયા માનતો નથી ને તેનાથી લાભ માનતો નથી. વ્યવહાર સમકિત છે પણ તે જ્ઞાનનું જ્ઞેય છે. રાગ છે તો મને લાભ છે, રાગ કર્યો તો ઠીક કર્યું એમ માને તે મિથ્યાદષ્ટિ છે. ધર્મીને જ્યાં સુધી અસ્થિરતા છે ત્યાં સુધી રાગ રહે છે અને દ્વેષનો અંશ પણ રહે છે પણ સ્વરૂપમાં એકત્વ નથી કરતા અને અજ્ઞાની તો એમાં જ પડયો રહે છે કે રાગ કર્યો તે ઠીક કર્યું.

આત્મા સચ્ચિદાનંદ જ્ઞાતાસ્વરૂપ છે. આત્મામાં એવી કોઈ ચીજ નથી જે રાગ કરવા લાયક હો અને કોઈ એવી ચીજ પણ નથી જે દ્વેષ કરવા લાયક હો. વળી જે ચીજ અનંત છે એમાં બે ભાગ નથી કે આ ઇષ્ટ છે ને આ અનિષ્ટ છે—એમ બે ભાગ નથી. એ તો જ્ઞેય તરીકે જગતના પદાર્થ છે. પોતાના સ્વરૂપનું ખૂન કરવાવાળો મિથ્યદષ્ટિ જીવ હું જ્ઞાન છું એમ નહીં માનીને, જગતની ચીજને, જ્ઞેય તરીકે એકરૂપે જાણવી જોઈએ એના બે ભાગ પાડી દે છે. આ અનુકૂળ એ ઠીક છે અને પ્રતિકૂળ એ અઠીક છે એવા રાગ–દ્વેષ કરે છે. સમ્યગ્દષ્ટિને જે રાગ–દ્વેષ હોય છે તે ચીજને ઠીક–અઠીક માનીને જ્ઞેયના બે ભાગ પાડીને રાગ–દ્વેષ કરતા નથી. અહીં તો આચાર્ય ખૂબ જ સૂક્ષ્મ રાગ–દ્વેષની વ્યાખ્યા કરે છે. જ્ઞાનીને ધર્મીને લડાઈના ભાવ પણ આવે છે અને ૯૬ હજાર રાણીઓનો ભોગ લેવાની વૃત્તિ પણ હોય છે પણ તે વૃત્તિની વાસના મને ઠીક છે એમ નથી. એ વૃત્તિથી ભિન્નપણું કરી નાખ્યું છે. જ્ઞાનાનંદમાં એકત્વ થઈને રાગથી ભિન્નતા કરી દીધી છે. તેથી તે સમયમાં પણ ધર્મી રાગથી પૃથક્ છે ને સ્વભાવથી એકત્વ છે.

અજ્ઞાની પર ચીજ પ્રત્યેના રાગના સમયમાં રાગ ને જ્ઞાનને એક માનીને પર ચીજમાં બે ભાગ પાડે છે, તે મિથ્યાદષ્ટિનો રાગ છે. અજ્ઞાનીને રાગ ને દ્વેષ એકસાથે છે ને જ્ઞાનીને જ્ઞાતાદષ્ટાપણું એકસાથે છે. હું આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છું એવું ભાન છે ત્યાં રાગ અને દ્વેષ શક્તિ–વ્યક્તિરૂપે છે જ નહીં. જ્ઞાની પર ચીજમાં ભેદ નથી પાડતા, બે ભાગ નથી કરતા, જ્ઞેય તરીકે જાણે છે.

આમ તો દિગંબર સાધુ થઈને અનંતવાર નવમી ગ્રૈવેયકમાં ગયો, પરન્તુ શું થયું? મિથ્યાદષ્ટિ હતો. શ્રાવક પણ અનંતવાર થયો પણ વિકલ્પ–રાગ આવ્યો તે હું ઠીક કરું છું, મારું આચરણ છે, મારું કર્તવ્ય છે એવું માનવાવાળો મિથ્યાદષ્ટિ છે. અંદર ચૈતન્યશક્તિથી ભંડાર ભર્યો છે, આનંદનો ભંડાર, જ્ઞાનનો ભંડાર ભર્યો છે.

કેવળજ્ઞાન પ્રગટ કરી શકે છે એટલી એમાં તાકાત છે, શું રાગ-દ્વેષ અંદરમાં ભર્યો છે? પર પદાર્થ રાગ-દ્વેષ નથી કરાવતા તથા આત્મમાં રાગ-દ્વેષ છે નહીં અને પરમાં જે રાગ-દ્વેષ કરે છે તે પાગલ મિથ્યાદૃષ્ટિ છે.

અહીં તો આચાર્ય મહારાજ કહે છે કે ભગવાન! તારી મૂડીમાં, પૂંજીમાં સ્વરૂપમાં રાગ-દ્વેષ બિલકુલ નથી અને બીજી ચીજ તને રાગદ્વેષ કરાવે એવી એનામાં તાકાત નથી. પણ તારા સ્વભાવના જ્ઞાતાપણાને છોડીને અજ્ઞાનના કારણે લાંબી દોરી ચલાવે છે. આ ઠીક છે આ અઠીક છે એવું અનંતકાળથી રાગ-દ્વેષનું મંથન કર્યું છે. પોતાના જ્ઞાતાદૃષ્ટા સ્વભાવમાં ડૂબવું જોઈએ, જ્ઞાનાનંદમાં આવવું જોઈએ અને છોડીને અજ્ઞાની રાગ-દ્વેષમાં ડૂબી ગયો છે. એનાથી તરવું દુસ્તર-મુશ્કેલ થઈ ગયું છે. જ્ઞાનાનંદ સ્વભાવમાં વિકલ્પનું ઉત્થાન છે જ નહીં, તેમાં પર પદાર્થનો તો ત્રિકાળ અભાવ છે તથા એમાં શુભાશુભ પરિણામ ઊઠે છે એનો પણ અભાવ છે—એમ જ્ઞાનમાં એકાગ્ર થઈને વિકલ્પને પૃથક્ કરવો તે જ આત્માના હિતનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહીં.

શરીર આદિ ઠીક હો તો પરોપકાર કરી શકું, સેવા કરી શકું—આવું માનનાર મૂઢ છે. શરીર તો જડ છે, શરીરની ક્રિયા છે તે જડની ક્રિયા છે, તે ક્રિયાને તું કરે તો શરીરને આત્મા એક થઈ જાય, પણ એમ તો થતું નથી. અજ્ઞાનથી શરીર આદિમાં આત્મભ્રાંતિથી અતિ દીર્ઘ કાળ સુધી પરિભ્રમણ કરે છે. અનાદિ સંસારથી એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી શરીરાદિને પોતાનું માને છે, આત્મભ્રાંતિથી શરીર પ્રત્યે એકત્વ બુદ્ધિ છે, રાગ પ્રત્યે એકત્વબુદ્ધિ છે. એ કારણથી અનંતભવ કરે છે. એમ સાધુ ત્યાગી થઈને પણ રાગથી મને લાભ થશે એમ રાગથી એકત્વબુદ્ધિ કરે તે મિથ્યાત્વભાવ છે, તે મિથ્યાબુદ્ધિ પરિભ્રમણનું કારણ છે, પરિભ્રમનું મૂળ છે. તેના લીધે ઘણા લાંબા સમય સુધી સંસારમાં રખડયા કરે છે.

પોતાના સિવાય બીજી ચીજમાં ઇષ્ટપણું માનીને મૂઢ પ્રાણી એના ઉપર રાગ કરે છે તથા અનિષ્ટ વસ્તુમાં અપ્રીતિ થવાને કારણે દ્વેષ કરે છે. શરીરમાં રોગ થયો પણ એ તો જડની પર્યાય છે. શરીરમાં રોગ થયો અને સેવા કરવાવાળો બરાબર હોય તો પરિણામ સારા રહે. મૂઢ! પરના કારણે તારા પરિણામ સારા રહે? મિથ્યાદૃષ્ટિથી તેં આત્માનું ખૂન કર્યું છે.

બાપુ, ભાઈ! તારો આત્મા પરવસ્તુમાં કોઈ ભાગ પાડીને અને થોડામાં થોડી નાની ચીજમાં પણ પ્રેમ કરવા લાયક છે, રક્ષા કરવા લાયક છે એમ માને તો બીજી ચીજ દ્વેષ કરવા લાયક છે એમ થયું-એ ભાવને મિથ્યાત્વભાવ કહે છે. આવા ઉપદેશનું નામ ઇષ્ટોપદેશ છે.

પોતાના જ્ઞાન-દર્શન સ્વભાવને છોડીને રાગ ઠીક છે એવા મિથ્યાદૃષ્ટિના રાગમાં

રાગની વ્યક્તતા છે ને દ્વેષ શક્તિરૂપે પડચો જ છે તથા ધર્મના વિરોધીને મારવો એવા દ્વેષ ભાવ વખતે બીજા પ્રત્યેના રાગ શક્તિરૂપે પડયો જ છે. જેમ જ્ઞાનીને જ્ઞાતાપણું કાયમ રહે છે, પરમાં ઠીક-અઠીકપણું હોતું જ નથી તેમ અજ્ઞાનીને હંમેશા રાગ-દ્વેષ ઠીક છે એવું અજ્ઞાનપણું હોય છે.

તેથી આચાર્યદેવે રાગ-દ્વેષ બન્નેને જોડી બતાવી છે. જેણે જ્ઞેયોમાં ઠીક-અઠીકપણારૂપ બે ભાગ પાડી દીધા ને જ્ઞાનમાં પણ ખંડ પાડયો તેમાં બધા જ દોષ આવી જાય છે. મિથ્યાત્વનો દોષ, અનંતાનુબંધીનો દોષ, કર્તા, ભોક્તા આદિનો દોષ બધા જ દોષ એમાં આવી જાય એવો બગાડ તે અજ્ઞાનીને થાય છે. એમ શિષ્યના ઉત્તરરૂપે કહ્યું........ વિશેષ કહેશે................ (ક્રમશઃ)


## જૈન વિદ્યાર્થીઓ માટે અભ્યાસની સુંદર સગવડ

**શ્રી જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ-૩૬૪ ૨૫૦**

જિ. ભાવનગર (ગુજરાત)

**ઉપરોક્ત બોર્ડીંગ અહીં છેલ્લા ૩૦ વર્ષથી ચાલે છે. તેમાં ધોરણ-૫થી ધોરણ-૧૨ (હાયર સેકન્ડરી) સુધીમાં અભ્યાસ કરતા ત્રણે ફીરકાના જૈન વિદ્યાર્થીઓને ભેદભાવ વગર દાખલ કરવામાં આવે છે.**

**સંસ્થામાં શુદ્ધ અને સારો ખોરાક આપવામાં આવે છે. અહીં સોનગઢની આબોહવા સ્વાસ્થ્યપ્રદ છે. અહીં અભ્યાસ અર્થે ગુરુકુલ હાઇસ્કૂલ છે.**

**સંસ્થામાં વિદ્યાભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શ્રી દિગંબર જૈન ધર્મનો ધાર્મિક અભ્યાસ કરાવવામાં આવે છે. આમ વિદ્યાર્થીઓના જીવનને સંસ્કારી બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.**

**આખી ફીનું ભોજનનું માસિક લવાજમ રૂા. ૭૫-૦૦ અને ગરીબ વિદ્યાર્થીઓ માટે ઓછી ફીનું ભોજનનું માસિક લવાજમ ઘણી મોંઘવારી હોવા છતાં ફક્ત રૂા. ૫૦-૦૦ લેવામાં આવે છે.**

**દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ રૂા. ૧-૦૦ પ્રવેશપત્ર ચાર્જનો મોકલી તા. ૩૦-૪-૮૨ સુધીમાં પ્રવેશપત્ર અને નિયમો મંગાવી તે વિગતવાર ભરી વાર્ષિક પરીક્ષાના માર્કસસીટ સાથે તા. ૨૦-૫-૮૨ સુધીમાં પરત બીડવાં.**

—મંત્રી

શ્રી જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ

# બંધના કારણને ત્વરાએ છોડ

[શ્રી સમયસાર ગાથા ૨૩૭ થી ૨૪૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૨૪-૪-૬૨]

બંધ કેમ થાય છે? પ્રથમ તેના કારણો તપાસે છે:—

પ્રથમ દૃષ્ટાંત કહે છે કે જેવી રીતે આ જગતમાં કોઈ પુરુષ તેલાદિ સ્નેહનું ખૂબ મર્દન કરીને, તેલાદિ શરીરે ખૂબ ચોળીને, જે ભૂમિમાં બહુ ધૂળ હોય ત્યાં રહ્યો થકો હાથમાં શસ્ત્ર આદિ વડે વ્યાયામ-ક્રિયા કરતો હોય ને સચેત-અચેત વસ્તુનો ઘાત કરતો હોય તે શરીરને રજ લેપાય છે, ત્યાં રજબંધનું કારણ કોણ છે તે વિચારો.

ધૂળવાળી ભૂમિ રજબંધનું કારણ નથી, કેમ કે તેલાદિ ચીકણા પદાર્થ વિનાના પુરુષને રજબંધ થતો નથી. માટે ભૂમિ રજબંધનું કારણ નથી. શસ્ત્રો ફેરવવાની ક્રિયા પણ રજબંધનું કારણ નથી અને સચેત-અચેત વસ્તુનો ઘાત રજબંધનું કારણ નથી. માટે ન્યાયના બળથી આ પ્રગટ થયું કે જે પુરુષે તેલમર્દન કર્યું હોય તે તેલમર્દન જ રજબંધનું કારણ છે. એ દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત કહે છે.

તેવી રીતે મિથ્યાદૃષ્ટિ પોતામાં રાગાદિભાવ કરતો એટલે કે જેની દૃષ્ટિ વિપરીત છે તે આત્માના ઉપયોગમાં શુભાશુભને એકાકાર કરતો એટલે કે વિકારી ભાવને પોતાના જ્ઞાનમાં એકાકાર કરતો એટલે કે શુદ્ધસ્વભાવમાં પુણ્ય-પાપના રાગને એકાકાર કરતો થકો કર્મયોગ થવાને લાયક પુદ્‌ગલથી ભરેલાં આ લોકમાં તે પુરુષને મન-વચન-કાયની ક્રિયા થાય, શસ્ત્રો વડે અનેક પ્રકારના સચેત-અચેત વસ્તુનો ઘાત થતો જોવામાં આવે ત્યાં કર્મબંધનું કારણ કોણ છે તે વિચારો.

બહુ પુદ્‌ગલથી ભરેલો લોક કાંઈ બંધનું કારણ નથી, કેમ કે લોકમાં તો સિદ્ધ ભગવાન પણ છે તેમને પણ કર્મ થવારૂપ વર્ગણા કર્મબંધનું કારણ બને, પણ તેમ તો બનતું નથી. વળી મન-વચન-કાયની ક્રિયા પણ કર્મબંધનું કારણ નથી, કેમ કે યથાખ્યાત ચારિત્રવાળા મુનિને બંધ થતો નથી, મન-વચન-કાયની ક્રિયા તો તેમને પણ છે અને પાંચ ઇન્દ્રિય જો બંધનું કારણ હોય તો કેવળીને પણ બંધ થાય અને સચેત-અચેતના ઘાતની ક્રિયા પણ બંધનું કારણ નથી. કેમ કે સમિતિમાં યત્નપૂર્વક પ્રવર્તનાર સાધુઓને શરીર વડે સચેત-અચેતનો ઘાત થઈ જતો જોવામાં આવે છે. છતાં તેમને કર્મબંધ થતો નથી.

માટે ન્યાયબળથી આ ફલિત થયું કે ઉપયોગમાં-જ્ઞાનના વેપારમાં રાગાદિનું એકપણે કરવું એ જ બંધનું કારણ છે. અસ્થિરતાના રાગની અહીં વાત નથી. અબદ્ધ સ્વભાવી પ્રભુની સાથે રાગ જોડી દેવો-એકાકાર કરવો તે એક જ બંધનું કારણ છે.

ચૈતન્યસ્વરૂપ જ્ઞાતાદ્રષ્ટાનો પિંડ પ્રભુ તેની સાથે રાગના કણને પણ જોડી દેવો એકત્વ કરવો તે એક જ બંધનું કારણ છે.

ન્યાયબળથી એક જ વાત સિદ્ધ થાય છે કે વીતરાગી વિજ્ઞાનઘન સાથે દયા–દાન આદિ રાગભાવને એકત્વ કરવો તે એક જ બંધનું કારણ છે. ઉપયોગમાં રાગાદિ ભેળવવો તે એક જ સંસારબંધનું કારણ છે. પર જીવને ન મારું–દયાપાળું એવો જે રાગ તેને ચૈતન્ય સાથે એકરૂપ કરવો તે એક જ બંધનું કારણ છે.

ચૈતન્યબિંબપ્રભુ જ્ઞાયકનું પૂર આત્મા છે તેની સાથે રાગની એકતા કરવી તે એક જ નવા બંધનું કારણ છે રાગનું પરિણમન બંધનું કારણ છે એમ નહીં, રાગ–દ્વેષને જ્ઞાતાસ્વભાવમાં એકપણે કરવા એ બંધનું કારણ છે. અબંધ સ્વભાવમાં વિકારને એકરૂપ કરવો એ મિથ્યાદર્શન છે, તે બંધનું કારણ છે.

હથિયાર વડે પર જીવનું માથું કપાતું હોય તોપણ તેને બંધ નથી! મોટો બળદ લીલા મોલ ખાતો હોય તે બંધનનું કારણ નથી, તેમાં જે રાગ થયો તે બંધનું કારણ નથી, પણ જે રાગ થયો તેને અંદર સ્વભાવમાં એકરૂપ કરવો તે એક જ સંસારબંધનું કારણ છે. રાગના કણને ત્રિકાળ સ્વરૂપમાં એકાકાર કરવો તે એક જ બંધનું કારણ છે, બીજું કોઈ બંધનું કારણ નથી એમ તો દ્રષ્ટાંતપૂર્વક સમજાવ્યું.

જીવ અનાદિથી બંધને કરતો આવે છે તો આઠ કર્મનો બંધ તો થયા કરે છે તેનો હેતુ કોણ?–કે જગતમાં કર્મને યોગ્ય પરમાણુ પડયા છે તે બંધનું કારણ નથી. તો મૂળ કારણ કોણ?–કે પોતાના વીતરાગી વિજ્ઞાનઘન ચૈતન્યસ્વભાવમાં રાગાદિભાવને એકત્વ કરવો તે એક જ બંધનું કારણ છે. કર્મનો ઉદય બંધનું કારણ નથી. સચેત–અચેતનો ઘાત પણ બંધનું કારણ નથી. અરે! શુભાશુભ તે પણ બંધનું કારણ નથી, ત્યારે બંધનું કારણ કોણ?– કે દયા–દાન આદિ શુભભાવ કે અશુભભાવની ચૈતન્યસ્વભાવ સાથે એકત્વભાવ કરવો એ ભાવ જ બંધનું કારણ છે. અબદ્ધસ્વભાવી ચૈતન્ય સાથે વિભાવભાવનું એકત્વ કરવું એ ભાવ એક જ આઠ કર્મબંધનું કારણ છે, સંસારનું કારણ છે.

અહીં નિશ્ચયપ્રધાન કથન છે. નિર્બાધયુક્તિથી સિદ્ધ થાય તે નિશ્ચય છે. બંધનું કારણ વિચારતા નિર્બાધપણે એમ સિદ્ધ થયું કે શુદ્ધ સ્વભાવમાં અશુદ્ધભાવને એકપણે જોડવો એ મિથ્યાદ્રષ્ટિ જ બંધનું કારણ છે. જે કોઈ મિથ્યાદ્રષ્ટિ આત્મા પોતાના ઉપયોગમાં રાગાદિને એકાકાર કરે છે તે રાગાદિ બંધનું કારણ છે. એકલો રાગ બંધનું કારણ નથી પણ જે રાગાદિને સ્વભાવમાં એકાકાર કરે છે તે રાગાદિ બંધનું કારણ છે. અંતરમાં રાગાદિના કણને સ્વભાવમાં જોડીને પર્યાયદ્રષ્ટિમાં રહ્યો તે રાગાદિ વિકાર બંધનું કારણ છે. માટે બંધનું કારણ વિચારતાં રાગાદિ કે જે સ્વભાવમાં એકાકાર કરવામાં આવે છે તે એક જ બંધનું કારણ છે.

* * *

# ✻ વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક પુરાણપ્રસંગ ✻

[ સોનગઢ જિનમંદિરમાં આ પ્રસંગનું સુંદર ચિત્ર છે. ]

રામ–લક્ષ્મણ–સીતા વનવાસ દરમિયાન ચાલતા ચાલતા વંશસ્થલ નગરમાં આવી પહોંચ્યા. નગરની બાજુમાં વંશધર નામના પર્વત ઉપર દેશભૂષણ–કુળભૂષણ નામના બન્ને મુનિ મહાધ્યાનારૂઢ બન્ને હાથ લંબાવી કાયોત્સર્ગ આસનમાં ઊભા છે. સમુદ્ર સમાન ગંભીર ગિરિ સમાન સ્થિર, શરીર તથા આત્માને ભિન્ન ભિન્ન જાણવાવાળા, મોહ રહિત, નગ્ન સ્વરૂપ, કાંતિના સાગર, નવયૌવન પરમ સુંદર મહાસંયમી, જેમનો આકાર શ્રેષ્ઠ છે, જિનધર્મની આરાધના કરવાવાળા તે મુનિઓને રામ–લક્ષ્મણ હાથ જોડીને નમસ્કાર કરે છે. તથા ખૂબ જ આશ્ચર્ય વ્યક્ત કરે છે. અત્યંત ભક્તિ કરતાં બન્ને ભાઈ આનંદિત થઈ વિનયથી મુનિની સમીપ બેઠા. તે જ સમયે અસુરના આગમનથી મહા ભયંકર શબ્દ થયો. માયામયી સાપો તથા વીંછી મુનિના શરીર ઉપર ચઢવા લાગ્યા. સાપો અતિ ભયાનક અવાજવાળો તથા અનેક જાતના મોટા મોટા વીંછી મુનિના શરીરે ડંખ મારવા લાગ્યા.

આ જોઈને રામ-લક્ષ્ણુ અસુર પર ક્રોધિત થયા તથા ડરતી સીતાને ધૈર્ય બંધાવીને બન્ને ભાઈ મુનિ સમીપ જઈને મુનિના શરીર પરથી સાપ વીંછી દૂર કરીને મુનિઓના ચરણોની પૂજા કરી તથા યોગિશ્વરની ભક્તિ-વંદના કરવા લાગ્યા. શ્રીરામ–લક્ષ્મણ વીણા લઈને વગાડવા લાગ્યા તથા મધુર સ્વરથી ગાવા લાગ્યા, જેના શબ્દો હતા : 'મહા યોગિશ્વર ધીર વીર મન વચન કાય કરીને વંદનીક છે, એમની ચેષ્ટા મનને લોભાવનારી છે, દેવો દ્વારા પૂજિત મહાભાગ્યવંત, ત્રણ ભુવનમાં પ્રસિદ્ધ જિનધર્મના ધુરંધર, ધ્યાનરૂપ વજ્રદંડ વડે મહામોહરૂપી શિલાને ખંડ ખંડ કરી નાખે, તથા ધર્મહીન પ્રાણી પર દયા કરી વિવેકના રસ્તે લાવે, પરમ દયાળુ, પોતે તરે બીજાને તારે.' –આ રીતે બન્ને ભાઈ સ્તુતિ કરતાં એવું ગાતા હતાં કે વનના તિર્યંચ પ્રાણીના મન મોહી ગયા તથા ભક્તિથી પ્રેરાયેલી સીતા એવું નૃત્ય કરતી હતી જેવી રીતે સુમેરુ પર શચિ નૃત્ય કરે છે. અસુરનો ઉપદ્રવ સૂર્ય પણ જોઈ ન શકવાથી અસ્ત થઈ ગયો. દશે દિશામાં અંધકાર વ્યાપી ગયો. તે સમયે અસુરના માયાચારથી અનેક વ્યંતરી આવીને ભયંકર અવાજથી હસવા લાગી તથા પોતાના મુખથી ભયાનક અગ્નિજવાલા કાઢતી ભયંકર શબ્દ બોલવા લાગી દુર્ગંધ સહિત લોહીની ધાર વરસાવવા લાગી તથા ક્રૂર છે શરીર જેનું, હાથમાં ખડગ લઈને તથા સિંહ–વાઘ જેવું મોઢુ, તપ્ત લોઢા સમાન નેત્ર, હાથમાં ત્રિશૂલ ધારણ કરીને અનેક પિચાશ નૃત્ય કરવા લાગ્યા. પર્વતની શિલા કંપાયમાન થવા લાગી

તથા ધરતીકંપ થયો. પરન્તુ શુકલધ્યાનમાં મગ્ન મુનિએ તો કાંઈ પણ ન જોયું.

આ બધી ચેષ્ટા જોઈને સીતા ભયથી ડરી ગઈ. રામે કહ્યું કે—હે દેવી! ડર નહીં. બધાં વિઘ્નોનાં હરવાવાળા મુનિના ચરણોનું શરણ લે. સીતાને મુનિના ચરણો પાસે મૂકીને પોતે લક્ષ્મણ સાથે હાથમાં ધનુષ લઈને મહાબલિ મેઘસમાન ગર્જના કરી. ધનુષના ચડવાથી એવો શબ્દ થયો જેવો વજ્રપાતનો અવાજ થાય. ત્યારે તે અગ્નિપ્રભ નામનો અસુર બન્ને વીરોને બળભદ્ર નારાયણ જાણી ભાગી ગયો. તેની બધી ચેષ્ટા વિલીન થઈ ગઈ. શ્રીરામ-લક્ષ્મણે મુનિનો ઉપસર્ગ દૂર કર્યો. તુરત જ દેશભૂષણ કુળભૂષણ મુનિઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

ચારે પ્રકારના દેવો દર્શન માટે આવ્યા. વિધિપૂર્વક નમસ્કાર કરીને સૌ યથાસ્થાને બેઠા. કેવળજ્ઞાનના પ્રતાપથી કેવળીના નજીક દિવસ–રાતનો કોઈ ભેદ ન રહ્યો. ભૂમિગોચરી તથા વિદ્યાધરો કેવળીની પૂજા કરી યથાસ્થાને બેઠા. સુરનર–વિદ્યાધર બધાંએ ધર્મોપદેશનું શ્રવણ કર્યું. રામ–લક્ષ્મણે સીતા સહિત હર્ષિત થઈને કેવળીની પૂજા કરી, હાથ જોડી નમસ્કાર કરીને પૂછવા લાગ્યા કે હે ભગવાન! અસુરે તમારા ઉપર શા માટે ઉપસર્ગ કર્યો? તથા તમારા બન્નેમાં પરસ્પર પ્રેમ શા કારણથી છે?

ત્યારે કેવળીની દિવ્યધ્વનિ છૂટી. પદ્મિની નામના નગરમાં રાજા વિજયપર્વતને ધારણી નામે સ્ત્રી તથા બધા શાસ્ત્ર વિષે પ્રવીણ રાજકાજમાં નિપુણ અમૃતસુર નામનો દૂત હતો. તેને ઉપભોગા નામની સ્ત્રી, તેની કૂખમાં ઉદિત–મુદિત નામના બે પુત્રો હતા રાજાએ અમૃતસુર નામના દૂતને કાર્યના નિમિત્તે બાહર મોકલ્યો. તે સ્વામીભક્ત પોતાના વસુભૂતિ મિત્રને સાથે લઈને નીકળ્યો. વસુભૂતિ પાપી હતો. તેણે એની સ્ત્રીમાં આસક્ત હોવાથી દુષ્ટ વિચારોથી રાત્રિના અમૃતસુરને ખડગથી મારીને નગરીમાં પાછો આવ્યો, તથા લોકોને કહ્યું કે મને પાછો મોકલી દીધો. તથા અમૃતસુરની સ્ત્રીને સાચી વાત કહી. અમૃતસુરની પાપી પત્નીએ કહ્યું કે મારા બે પુત્રો છે એને પણ જો તું મારી નાખ તો આપણે બન્ને નિરાંતે જીવી શકશું. આ વાત ઉદિતની વહુએ સાંભળીને ઉદિતને કહ્યું, આ વહુ સાસુના ચારિત્રને પહેલેથી જ જાણતી હતી. એણે વસુભૂતિની વહુને પણ આ સમાચાર કહ્યા હતા. તેથી એ પરસ્ત્રીના સેવનહાર પતિથી વિરક્ત થઈ ગઈ. ઉદિતે બધી વાતોથી ભાઈ મુદિતને પણ સાવધાન કર્યો. વસુભૂતિનું ખડગ જોઈને પિતાના મરણને સાચું માની ઉદિતે વસુભૂતિને મારી નાખ્યો. એ પાપી મરીને મ્લેચ્છની યોનિમાં ઉત્પન્ન થયો.

એકવાર મતિવર્ધન નામના આચાર્ય મુનિ પદ્મિની નગરીમાં આવ્યા. વસન્તતિલક નામના ઉદ્યાનમાં સંઘ સહિત બિરાજ્યા, તથા આર્યિકાઓની ગુરુ અનુધરા તે પણ સંઘ સહિત નગર સમીપ ઉપવનમાં બિરાજી. જે વનમાં મુનિ બિરાજ્યા હતા તે વનનો અધિકારીએ રાજા વિજયપર્વત પાસે આવીને કહ્યું કે હે રાજા! મુનિ ઉદ્યાનમાં આવ્યા

છે, જો ના પાડું તોપણ ડર લાગે છે અને હા પાડું તો તમારો ડર લાગે છે. આ મોટું સંકટ છે. સ્વર્ગના ઉદ્યાન સમાન આ વન છે. અત્યાર સુધી અહીં કોઈને આવવા નથી દીધા. પરંતુ આ મુનિઓને શું કહેવું? જેને દેવ પણ ન પહોંચે, ત્યાં મારી શી વિશાત? ત્યારે રાજાએ કહ્યું કે તમે ના ન પાડશો. જ્યાં સાધુ બિરાજે તે સ્થાન પણ પવિત્ર થઈ જાય છે. રાજા ખૂબ વિભૂતિ લઈને મુનિના દર્શન કરવા ગયા. અમારા અહો-ભાગ્ય કે ઉદ્યાનમાં મુનિરાજ બિરાજ્યા, વનની ધૂળ પણ પવિત્ર થઈ ગઈ. જેઓ મુક્તિ યોગ્ય ક્રિયા સંયુક્ત છે. પઠન-પાઠનથી સાવધાન છે, ભ્રમર સમાન શબ્દો મધુર છે, જેમણે ચિત્ત શુદ્ધસ્વરૂપમાં જ લગાવ્યું છે, એવા મુનિને દૂરથી જોઈને રાજા ગર્વ રહિત થઈને હાથીથી નીચે ઉતરીને બધા મુનિઓના દર્શન કરીને આચાર્ય પાસે જઈને ત્રણ પ્રદક્ષિણા કરીને પૂછવા લાગ્યા હે નાથ! જેવી તમારા શરીરમાં દીપ્તિ છે-કાંન્તિ છે એવા ભોગ નથી. ત્યારે આચાર્ય કહેવા લાગ્યા કે તારી બુદ્ધિ ક્યાં ગઈ? તારી શૂરવીરતા ક્યાં ગઈ? તું આ બધા ભોગોને સ્થિર માને છે? આ બુદ્ધિ સંસારને વધારનારી છે. જેવા હાથીના કાન ચંચળ છે એવા વિષયો ચંચળ છે. આ દેહ કદલીના થંભ સમાન અસાર છે તથા ઐશ્વર્ય સ્વપ્ન સમાન છે. ઘર-કુટુમ્બ-સ્ત્રી-પુત્ર-કલત્ર-બંધુ બધા અસાર છે. આ બધું જાણીને સંસારની પ્રીતિ કરવા જેવી નથી. આ સંસાર દુઃખદાયક છે. આ પ્રાણી અનેકવાર ગર્ભવાસના સંકટો ભોગવે છે. ગર્ભવાસ નરક સમાન ભયાનક દુર્ગંધ કૃમિજાળથી પૂર્ણ, રક્ત શ્લેષ્માદિનું સરોવર અતિ અશુચિ તથા કર્દમથી ભરેલો છે. પરન્તુ આ પ્રાણી મોહરૂપી અંધકારથી આંધળો ગર્ભવાસથી નથી ડરતો. ધિક્કાર છે આવા અશુભના સ્થાન, ક્ષણભંગુર અપવિત્ર દેહને જેનો કોઈ રક્ષક નહીં! તોપણ આ જીવ દેહને પોષે છે અને દેહ એને જ દુઃખ આપે છે. એના પ્રતિ અતિ કૃતઘ્ન છે. આંતરડાં ને નાડીઓનું જાણું ચામડીથી ઢંકાયેલો, અનેક રોગોનું ઘર—આવા દેહથી જો પ્રાણી સ્નેહ કરે છે. તે જ્ઞાનરહિત અવિવેકી છે. એનું કલ્યાણ ક્યાંથી થાય? આ શરીરમાં ઇન્દ્રિય ચોર વસે છે તે બળાત્કારથી ધર્મરૂપી ધનની ચોરી કરે છે. આ જીવરૂપ રાજા કુબુદ્ધિરૂપ સ્ત્રીથી રમે છે તથા અચાનક મૃત્યુ આવીને એનું ભક્ષણ કરે છે. મનરૂપી મત્ત હાથી વિષયરૂપી વનમાં ક્રિડા કરે છે. જ્ઞાનરૂપ અંકુશથી તેને વશ કરી વૈરાગ્યરૂપ થાંભલાથી વિવેકી બાંધે છે. આ ઇન્દ્રિયરૂપ તરંગ મોહરૂપ પતાકાને ધરે છે, ચિત્તથી પ્રેરાઈને ચંચળતા રાખે છે એટલે એના ચિત્તને વશ કરવું યોગ્ય છે.

માટે હે રાજા! તું સંસાર-શરીરના ભોગોથી વિરક્ત થા. જિનરાજને નમસ્કાર કરી એમની ભક્તિ કર, નિરન્તર તેમનું સ્મરણ રાખ, એથી સંસારસમુદ્રથી નિશ્ચયથી તું પાર થઈશ. તપ-સંયમરૂપ બાણથી મોહરૂપી શત્રુનો નાશ કરી લોકના શિખરે અવિનાશી પુરનું અખંડ રાજ્ય તું કરીશ. તથા નિર્ભય એવા નિજપુરમાં તારો વાસ

થશે. આ બધું મુનિના મુખેથી સાંભળીને રાજા વિજયપર્વત રાજ્ય તજિ મુનિ થયા, તથા તે દૂતના પુત્ર બન્ને ભાઈ ઉદિત–મુદિત જિનવાણી સાંભળી મુનિ થઈ ગયા.

સમ્મેદશિખરની જાત્રા કરવા માટે નીકળેલા તે બન્ને મુનિઓ રસ્તો ભૂલી જતાં વનમાં જઈ ચડ્યા. પૂર્વના વસુભૂતિ વિપ્રના જીવ અતિ ભયંકર ભીલ થયો છે તેણે મુનિને જોઈને ખૂબ જ ક્રોધાયમાન થઈ કઠોર–કુવચન બોલવા લાગ્યો તથા બન્નેને ઊભા રાખી મારવા માટે તૈયાર થયો ત્યારે મોટો ભાઈ ઉદિત–મુદિતને કહેવા લાગ્યા હે ભાઈ! ભય નહીં કરતો, ક્ષમારૂપી ઢાલને અંગીકાર કરજે. આ મારવા તૈયાર થયો છે તો આપણે ઘણાં દિવસ સુધી તપથી ક્ષમાનો અભ્યાસ કર્યો છે તો હવે દૃઢતા રાખજે. આ વચન સાંભળી મુદિત બોલ્યો. આપણને જિનમાર્ગમાં શ્રદ્ધા છે એટલે આપણને ડર કેવો? આ શરીર તો નશ્વર છે. અને આ વસુભૂતિનો જીવ છે જેને પિતાના વૈરથી માર્યો હતો. પરસ્પર બન્ને મુનિ આપસમાં વાતચીત કરી શરીરની મમતા તજી ધ્યાનમાં ઊભા રહ્યા. ભીલ મારવા માટે આવ્યો ત્યાં ભીલના સરદારે તેને રોકીને તે બન્ને મુનિને બચાવી લીધા.

આ કથા સાંભળી રામે કેવળીને પ્રશ્ન કર્યો–કે હે દેવ! એણે બચાવ્યા તો એની પ્રીતિનું કારણ કહો? ત્યારે કેવળીની દિવ્યધ્વનિમાં આવ્યું કે એક યક્ષસ્થાન નામના ગામમાં સુરપ તથા કર્ષક બન્ને ભાઈ રહેતા હતા. એક પક્ષીને પારધી જીવતો પકડીને ગામમાં લાવ્યો, તો આ બન્ને ભાઈઓએ ધન આપીને પક્ષી છોડાવી લીધું તે પક્ષી મરીને મ્લેચ્છ થયો તથા તે સુરપ તથા કર્ષક બન્ને ભાઈ મરીને ઉદિત–મુદિત થયા. તે પરોપકારથી આ ભવે મ્લેચ્છે મુનિઓને બચાવ્યા. તે મુનિઓ ઉપસર્ગથી છૂટીને સમ્મેદશિખરની જાત્રા કરવા ગયા તથા અનેક તીર્થોની યાત્રા કરી. રત્નત્રયની આરાધના કરતાં કરતાં સમાધિમરણ કરી સ્વર્ગલોકમાં ગયા તથા વસુભૂતિનો જીવ જે મ્લેચ્છ થયો હતો તે અનેક કુયોનિમાં ભ્રમણ કરી મનુષ્ય દેહ પામીને તાપસવ્રત ધરી અજ્ઞાન તપ કરી મરીને જ્યોતિષી દેવમાં અગ્નિકેતુ નામનો ક્રૂર દેવ થયો.

ભરતક્ષેત્રના અરિષ્ટપુર નગરનો રાજા પ્રિયવ્રત તેની મહા ગુણવતી બે રાણી એક કનકપ્રભા તથા બીજી પદ્માવતી હતી. ઉદિત–મુદિતના જીવ સ્વર્ગમાંથી આવીને પદ્માવતી રાણીના રત્નરથ તથા વિચિત્રરથ નામના પુત્ર થયા તથા કનકપ્રભાને તે જ્યોતિષી દેવ અગ્નિકેતુ ચ્યવીને અનુધર નામનો પુત્ર થયો. રાજા પ્રિયવ્રત પુત્રને રાજ્ય આપી ભગવાનના ચૈત્યાલયમાં છહ દિવસનું અનશન કરી દેહનો ત્યાગ કરી સ્વર્ગલોકમાં ગયા. ત્યારબાદ એક રાજાની પુત્રી શ્રીપ્રભા જે લક્ષ્મી સમાન હતી તે રત્નરથને પરણી. અનુધરની ઇચ્છા એને પરણવાની હતી ને રત્નરથ સાથે પૂર્વભવનું વેર તો હતું જ, એમાં આ નવું વેર બંધાણું એટલે અનુધર રત્નરથની પૃથ્વી ઉજાડવા લાગ્યો. ત્યારે

રત્નરથ તથા વિચિત્રરથ બન્ને ભાઈએ અનુધરને યુદ્ધમાં જીતી દેશમાંથી કાઢી મૂકયો. પૂર્વ ભવના વેરથી તથા દેશ નિકાલના વેરથી અત્યધિક ક્રોધ કરી જટાધારી તાપસી થયો. વિષવૃક્ષ સમાન કષાય-વિષથી ભરેલો ખૂબ ક્રોધ કરવા લાગ્યો. મહાતેજસ્વી રત્નરથ વિચિત્ર ચિરકાળ સુધી રાજ્ય કરી મુનિ થઈ, તપ કરી સ્વર્ગમાં દેવ થયા. મહાસુખ ભોગવી ત્યાંથી ચ્યવીને સિદ્ધાર્થ નગરના રાજા ક્ષેમંકરની રાણી વિમલાને દેશભૂષણ કુળભૂષણ નામના બે પુત્ર થયા.

એક દિવસ એક સાગરઘોષ નામનો પંડિત અનેક દેશોમાં ભ્રમણ કરતો આવ્યો. રાજાએ પંડિતને ખૂબ આદરથી રાખ્યો. તથા બન્ને પુત્રને ભણવા માટે સોંપ્યા. બન્ને ભાઈઓ ખૂબ વિનયથી સર્વ પ્રકારની કળા શીખવા કુટુમ્બી આદિ બધાને છોડી, કેવળ એક વિદ્યાને જ મુખ્ય જાણી વિદ્યાભ્યાસ કરવા લાગ્યા. વિદ્યાગુરુ પાસે અનેક પ્રકારની વિદ્યા સીખી. સર્વ કલાના પારગામી પુત્રો પિતા પાસે આવ્યા, એમને સર્વ કલા નિપુણ જોઈને પિતા પ્રસન્ન થયા. પંડિતને મનવાંછિત દાન આપ્યું.

આ કથા કેવળી રામને કહે છે કે એ દેશભૂષણ તથા કુળભૂષણ અમે છીએ. કુમાર અવસ્થામાં અમે સાંભળ્યું કે પિતાએ અમારા વિવાહ માટે રાજકન્યા મંગાવી છે તો આ સાંભળી અમે નગરની શોભા જોવા માટે બાહર નીકળ્યા, અમારી બેન કમલોત્સવા કન્યા ઝરોખામાં બેસી નગરની શોભા નિહાળી રહી હતી અમે વિદ્યાના અભ્યાસ સિવાય ક્યારે પણ કોઈને કુટુમ્બમાં પણ ન ઓળખ્યા, ન કોઈને અમે જાણી શકયા કે આ અમારી બેન છે. અમારા મનમાં વિકાર ઉત્પન્ન થયો. બન્ને ભાઈના ચિત્ત ચલાયમાન થયા. બન્ને મનમાં વિચારવા લાગ્યા કે આ સુંદર કન્યાને હું પરણું, બીજો ભાઈ જો પરણવા ઇચ્છે તો એને મારી નાખું ? આવી રીતે બન્નેના મનમાં વિકારભાવ તથા નિર્દયભાવ આવ્યો. તે જ સમયે છડીદારના મુખેથી સાંભળ્યું કે રાજા ક્ષેમંકર તથા રાણી વિમલા જયવન્ત હો જેને દેવ સમાન બે પુત્ર છે તથા આ ઝરોખામાં બેઠી કમલોત્સવા સરસ્વતી સમાન પુત્રી છે. મહાગુણવાન પુત્રો તથા મહાગુણવંતી પુત્રી એવી સંતાન તો પુણ્યાધિકારીને જ હોય છે. જ્યારે અમો આ વાત સાંભળી તો મનમાં વિચાર્યું અહો જુઓ ! મોહ કર્મની દુષ્ટતા, અમારી બેન માટે ભોગની ઇચ્છા થઈ? આ સંસાર અસાર તથા દુઃખથી ભરેલો છે. ધિક્કાર છે આવા જીવનને કે આવો ભાવ આવ્યો, પાપના યોગથી પ્રાણી નરકમાં જઈને મહાદુઃખ ભોગવે છે. આવું વિચારીને અમને જ્ઞાન થયું અને અમે વૈરાગ્યથી દીક્ષા લેવા માટે તૈયાર થયા. ત્યારે માતા-પિતા સ્નેહના કારણે દુઃખી થયા. અમે બધાની મમતા તજી દિગમ્બરી દીક્ષા ધારણ કરી. આકાશગામિની રિદ્ધિસિદ્ધિ વિદ્યા પ્રાપ્ત થઈ. નાના પ્રકારના જિન-તિર્થાદિમાં વિહાર કર્યો. પિતા રાજા ક્ષેમંકર પૂર્વભવમાં પણ પિતા હતા. અમારા વિયોગમાં

શોકરૂપી અગ્નિથી બળીને સર્વ પ્રકારનો આહાર તજીને મરણને પ્રાપ્ત થયા. તે મરીને ગરુડેન્દ્ર થયા. ભવનવાસી દેવોમાં ગરુડકુમાર જાતિનો દેવ જેનો અધિપતિ મહા સુંદર, મહા પરાક્રમી, મહાલોચન તે દેવની સભામાં આવીને બેઠો છે.

તે અનુધર તાપસી રખડતો રખડતો કૌમુદી નગરીમાં આવ્યો, પોતાના શિષ્યો સાથે રાજાની સન્મુખ બેઠો. એની રાણી રતિવતી પરમ સુંદરી, સેંકડો રાણીઓમાં પ્રધાન, એની એક મદના નામની નૃત્યકારિણી હતી જે અતિ સુંદર રૂપ, અદ્દભૂત ચેષ્ટાની ધરણનારી હતી. એણે સાધુદત્ત મુનિ પાસે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું હતું ત્યારથી કુગુરુ, કુદેવ, કુધર્મને તરણા સમાન જાણતી હતી. તેને એક દિવસ રાજાએ કહ્યું કે આ અનુધર તાપસ મહાતપસ્વી છે! ત્યારે મદનાએ કહ્યું કે હે નાથ! અજ્ઞાનીને તપ કેવું? પાખંડરૂપ છે. આ સાંભળીને રાજાએ ક્રોધ કર્યો કે તું તપસ્વીની નિંદા કરે છે. ત્યારે તેણે કહ્યું કે તમે મારા પર કોપ ન કરો, થોડા દિવસોમાં જ એની સાચી હકીકત ખબર પડશે. એમ કહીને ઘરે આવીને પોતાની નાગદત્રા નામની પુત્રીને શીખવીને તાપસને આશ્રમમાં મોકલી. તે દેવાંગના [સમાન પરમ ચેષ્ટાની ધરણહારી તાપસને પોતાનું અતિ સુન્દર અંગ-ઉપાંગ દેખાડવા લાગી અજ્ઞાની તાપસનું મન મોહી ગયું તથા નેત્ર ચલાયમાન થયા. જે જે અંગ પર એની દૃષ્ટિ પડી ત્યાં જ એનું મન બંધાઈ ગયું. કામ-બાણથી તાપસ પીડાવા લાગ્યો. વ્યાકુલ થઈ તે દેવાંગના સમાન કન્યા પાસે આવીને પુછ્યું. તું કોણ છે તથા અહીં ક્યાંથી આવી છો? સાયંકાળ વખતે નાના-મોટા સૌ પોતાના સ્થાનમાં બેઠા છે તું મહાસુકુમાર એકલી વનમાં કેમ વિચરે છે? ત્યારે તે મધુર શબ્દોથી તેનું મન હરતી બોલી, હે નાથ! દયાવાન, શરણાગત પ્રતિપાલ આજે મારી માતાએ ઘરથી કાઢી મૂકી છે, તો હવે હું તમારા વેષમાં તમારા સ્થાનમાં રહેવા ઇચ્છું છું તમે મારી ઉપર કૃપા કરો! રાત-દિવસ તમારી સેવા કરવાથી મારો આ લોક તથા પરલોક સુધરી જશે. ધર્મ, અર્થ, કામ બધું તમારામાં પ્રાપ્ત છે. પરમ નિધાન છો, પુણ્યના યોગે તમે મને મળ્યા! આવી રીતે કન્યા બોલી ત્યારે તાપસ કામાગ્નિમાં બળતો બોલ્યો-હે ભદ્રે! હું શું કૃપા કરું, તું કૃપા કરીને પ્રસન્ન થા. હું જીવનભર તારી સેવા કરીશ એમ કહીને હાથ પકડવા પ્રયત્ન કર્યો, ત્યારે હાથથી ના પાડીને આદર સહિત કન્યા કહેવા લાગી-હે નાથ! હું કુંવારી કન્યા છું, આવું કરવું ઉચિત નથી, મારી માતાના ઘરે જઈને પૂછો ઘર પણ નજીક છે. જેટલી મારા પર તમારી કરુણા ઉપજી છે એવું બતાવીને મારી માને પ્રસન્ન કરો. તે તમને જોશે ત્યારે તમારી જે ઇચ્છા હોય તે કરજો. કન્યાના આવા વચન સાંભળીને મૂઢ તાપસી કામાગ્નિથી વ્યાકુળ થતો તુરત જ કન્યાની સાથે રાત્રિના એની માતા પાસે આવ્યો. કામથી વ્યાકુળ છે જેની સર્વ ઇન્દ્રિયો, એવા તાપસે જેમ માત્ર હાથી જળના સરોવરમાં પડે એમ, નૃત્યુકારિણના ઘરમાં પ્રવેશ કર્યો.

ગૌતમસ્વામી રાજા શ્રેણીકને કહે છે કે હે રાજન્! કામથી હણાયેલો પ્રાણી ન સ્પર્શે, ન સ્વાદે, ન સૂંઘે, ન દેખે, ન સાંભળે, ન જોવે, ન ડરે, તથા ન લજ્જા કરે–કામાગ્નિથી એટલો આંધળો થઈ ગયો હોય છે તથા મહા–મોહથી નિરંતર દુઃખ પામે છે. જેવી રીતે આંધળો પ્રાણી સર્પથી ભરેલા કૂવામાં પડે તેવી રીતે કામાંધ જીવ સ્ત્રીના વિષયરૂપી કૂવામાં પડે છે. તે તાપસ નૃત્યકારિણીના ચરણોમાં આળોટી અતિ ગરીબ થઈ કન્યાની ઇચ્છા કરવા લાગ્યો. એણે તાપસને બાંધી રાખ્યોને રાજાને ખબર આપી. રાજાએ આવીને તાપસને બંધાયેલો જોયો. અને સવાર થતાં તિરસ્કાર કરીને કાઢી મૂક્યો, એથી અપમાનિત થઈ અતિ લજ્જિત થઈ મહા દુઃખને વેદતો પૃથ્વીમાં રખડતો મર્યો, અનેક કુયોનિમાં જન્મ–મરણ કર્યા. કર્માનુયોગે એક દરિદ્રના ઘરે ઊપજ્યો. જ્યારે તે ગર્ભમાં આવ્યો ત્યારે જ એની માતાએ પિતાને ક્રુર વચન કહીને કલહ કરવા લાગી તો એનો પિતા ઉદાસ થઈ ઘર છોડી વિદેશ ચાલ્યો ગયો. ત્યાર બાદ એનો જન્મ થયો. હજી બાલ્યાવસ્થા હતી ત્યાં ભીલોએ દેશના મનુષ્યનો પકડેલ તેમાં એની માતાને પણ પકડેલી હતી. કુટુમ્બમાં કોઈ ન હોવાથી તે ખૂબ જ દુઃખી થયો. ઘણાં દિવસ બાદ તાપસ થઈ અજ્ઞાન તપ કરી જ્યોતિષી દેવમાં અગ્નિપ્રભ નામનો દેવ થયો.

એક દિવસ અનન્તવીર્ય કેવળીને ધર્મમાં નિપુણ શિષ્યે પૂછ્યું, હે નાથ! મુનિસુવ્રત નાથ મુક્તિ થયા બાદ તમે કેવળી થયા. તમારા સમાન સંસારનો તારક કોણ થશે? ત્યારે એમણે કહ્યું કે દેશભૂષણ તથા કુલભૂષણ થશે. કેવળજ્ઞાન તથા કેવળદર્શનના ધરણહારા, જગતમાં સાર, જેમનો ઉપદેશ સાંભળીને લોકો સંસારસમુદ્રથી તરશે. આ શબ્દો સાંભળી અગ્નિપ્રભ પોતાના નિવાસસ્થાને ગયો તથા વિચાર્યું કે અનંત વીર્ય કેવળીના વચન મિથ્યા કરું. આવું ગર્વ કરી પૂર્વભવના વેરથી ઉપદ્રવ કરવા આવ્યો અને તમને બળભદ્ર નારાયણ સમજી ડરીને ભાગી ગયો.

હે રામ! તમે ચરમ-શરીરી તત્કાલ મોક્ષગામી બળભદ્ર છો. તથા લક્ષ્મણ નારાયણ છે, અહીં આવી તમે સેવા કરી અમારા ઘતિયાકર્મના નાશથી કેવળજ્ઞાન પ્રગટ થયું. આવી રીતે પ્રાણીઓના વેરનું કારણ વેર–અનુબંધ છે. આવું જાણીને જીવોના પૂર્વભવ યાદ કરી હે પ્રાણી! રાગ–દ્વેષ તજીને નિશ્ચળ થાઓ. આવા મહાપવિત્ર કેવળીના વચન સાંભળી સુર, નર, અસુર વારંવાર નમસ્કાર કરવા લાગ્યા. તથા ભવદુઃખોથી ડરવા લાગ્યા. તથા ગરુડેન્દ્ર અત્યંત આનંદિત થઈ કેવળીના ચરણોમાં નમસ્કાર કરી મહા સ્નેહની દૃષ્ટિ વરસાવતા રામને કહેવા લાગ્યો—હે ભવ્યોતમ! તમે મુનિઓની ભક્તિ કરી તેથી હું ઘણો જ ખુશ થયો છું. આ મારા પૂર્વ ભવના પુત્ર છે. તમે જે માંગો તે હું આપીશ. ત્યારે રામ એકક્ષણ વિચાર કરીને બોલ્યા કે તમે દેવોના સ્વામી છો કોઈ વખત અમારા પર વિપત્તિ આવે ત્યારે અમને યાદ કરજો. સાધુની સેવાનાં ફળમાં આ

[ અનુસંધાન પાનું ૨૯ ]

# સુવર્ણપુરીમાં સાનંદ ઉજવાયેલો
# સમ્યક્ત્વ-સુવર્ણ-જયંતી મહોત્સવ

જેમની પવિત્ર અલૌકિક સ્વાનુભૂતિવિભૂષિત અંતરંગદશાની અનેકવિધ ઓળખાણ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીએ કરાવી હતી એ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની અપ્રતિહતભાવે વૃદ્ધિગત પામી રહેલી સમ્યક્ત્વ પરિણતિની સુવર્ણ જયંતી-૫૦ મી જયંતી ફાગણ વદ ૧૦, તા. ૨૦-૩-૮૨ ને શનિવારના રોજ એક હજાર મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં અત્યંત હર્ષોલ્લાસ પૂર્વક સુવર્ણપુરીમાં ઉજવાઈ હતી.

આ માંગલિક ઉત્સવના ઉપલક્ષમાં તા. ૧૬-૩-૮૨ થી તા. ૨૦-૩-૮૨ ફાગણ વદ દસમ પાંચ દિવસ સુધી શ્રી પંચપરમેષ્ઠી-મંડલ વિધાન-પૂજા સકલ સંઘે ઉલ્લાસથી વિધિપૂર્વક કરી હતી. આ મંડલ-વિધાન-પૂજા શ્રી શાંતાબેન ગુલાબચંદભાઈ ટોળીયા, મુંબઈવાળા તરફથી રાખવામાં આવી હતી.

ફાગણ વદ દસમના સવારે શ્રી પંચપરમેષ્ઠી-મંડલ વિધાન-પૂજાની પૂર્ણાહુતિ કરીને શ્રી પરમાગમમંદિરમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપરનું પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેઈપ-પ્રવચન સાંભળીને ઉપસ્થિત મુમુક્ષુ સમુદાય પ્રમુદિત થયો હતો.

ત્યારબાદ શ્રી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમમાં ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિવાસસ્થાને તેઓશ્રીના દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. માનનીય મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીની વિનંતિથી પૂજ્ય બહેનશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રીનો ઉપકાર-મહિમા વ્યક્ત કરીને સ્વાનુભૂતિ વિશે આશીર્વચનરૂપ તલસ્પર્શી માર્મિક સંબોધન કર્યું હતું.

આત્માર્થીઓના ધ્યેયના પ્રતીકરૂપ—દુર્લભ સમ્યક્ત્વની પ્રાપ્તિના પ્રતિકરૂપ—આ સમ્યક્ત્વ સુવર્ણ જયંતીની ખુશાલીમાં જલગાંવનિવાસી શ્રી વ્રજલાલ મગનલાલ શાહે એક હજારથી વધુ મુમુક્ષુઓને સ્વામીવાત્સલ્ય ભોજન આપવાનો લાભ લીધો હતો.

* બપોરના આત્માર્થી બ્ર. ભાઈશ્રી ચંદુભાઈ ઝોબાલિયાના વાંચન બાદ અધ્યાત્મપ્રેમી આદરણીય પં. શ્રી હિંમતભાઈએ જિનેન્દ્ર ભક્તિ કરાવી હતી. અને ત્યાર બાદ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિવાસસ્થાને તેઓશ્રીને કેટલાક પરિવારોએ હીરાથી વધાવ્યા હતા.

* આપણા જીવનઉદ્ધારક પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં અને સંસ્થા દ્વારા કોઈ આમંત્રણ પત્રિકા નહીં મોકલાઇ હોવા છતાં કલકત્તા, ખંડવા, મુંબઈ તથા ગુજરાત અને સૌરાષ્ટ્રભરમાંથી ૮૦૦ મહેમાનોએ આવીને આ મંગલ સમ્યક્ત્વ સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવીને સૌએ પોતપોતાની સમ્યગ્દર્શનની ભાવનાને ઘૂંટી હતી. *

## પરમ પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો
## ૯૩ મો જન્મ જયંતી મહોત્સવ
## સોનગઢમાં પાંચ દિવસનો ભવ્ય કાર્યક્રમ

અધ્યાત્મ યુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્યપાદ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી વૈશાખ સુદ ૨ તા. ૨૫–૪–૧૯૮૨ ને રવિવારના રોજ ૯૩ મો જન્મ–જયતી મંગલકારી દિન છે. પરમ કલ્યાણમૂર્તિ કૃપાળુ ગુરુદેવશ્રીના આ મંગલકારી જન્મ મહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૧–૪–૮૨ બુધવાર થી તા. ૨૫–૪–૮૨ રવિવાર સુધી પાંચ દિવસનો કાર્યક્રમ—શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાનપૂજા, જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, વીડીયો તથા ટેઇપરેકોર્ડ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મરસઝરતાં પ્રવચનો તથા સમાગત વિદ્વાન પંડિત શ્રી લાલચંદભાઈ મોદી આદિ વિદ્વાનોના શાસ્ત્રપ્રવચનો તથા શ્રી કુંદકુંદ કહાન ભજન મંડળી ઘાટકોપર ભક્તિરસ પૂર્ણ નાટક–સંવાદ વગેરે વિવિધ કાર્યક્રમ—રાખવામાં આવ્યો છે.

આ મહા મંગલકારી જન્મ–જયંતી મહોત્સવનો લાભ લેવા સમસ્ત મુમુક્ષુ ભાઈઓ–બહેનોને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તરફથી સોનગઢ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. આ મહોત્સવમાં પધારવાથી આપ સૌને પૂજ્ય સદ્ગુરુદેવશ્રીની તપોભૂમિ તીર્થધામ સોનગઢના જિન–મંદિરોમાં બિરાજતા જિન ભગવંતોના તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના દર્શનનો લાભ મળશે. આ પાંચ દિવસ માટે ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

સૂચના :—સૌએ પોતપોતાનું પાગરણ વગેરે સાથે લાવવા વિનંતી છે.

* * *

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢની મીટિંગનો ટૂંકો અહેવાલ

ઉપરોક્ત ટ્રસ્ટની મીટીંગ તા. ૨૦/૨૧–૨–૮૨ બે દિવસ મુંબઈ મુકામે મળી હતી. જેમાં ટ્રસ્ટીઓ ઉપરાંત શ્રી લાલચંદભાઈ મોદી તથા ડૉ. ચંદુભાઈ કામદાર આમંત્રણથી હાજર હતા.

(૧) શ્રી લાલચંદભાઈ મોદીએ પૂજ્ય કૃપાળુ સદ્ગુરુદેવશ્રીનો આગામી ૯૩ મો જન્મ જયંતી મહોત્સવ ઘણા જ ઉલ્લાસપૂર્વક સોનગઢમાં ઉજવવાની ભાવના વ્યક્ત કરી હતી. તેમની ભાવનાને મીટીંગમાં વધાવી પૂજ્ય સદ્ગુરુદેવશ્રીનો ૯૩ મો જન્મ જયંતી મહોત્સવ પાંચ દિવસના વિવિધ કાર્યક્રમ દ્વારા ભવ્ય રીતે ઉજવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. આ મહોત્સવનું આયોજન તથા તે અંગેના દરેક કાર્યો કરવા એક સુપ્રીમ કમિટીની રચના કરવામાં આવેલ છે. આ સુપ્રીમ કમિટીના સભ્યો તરીકે શ્રી લાલચંદભાઈ મોદી (૨) શ્રી બાબુભાઈ મહેતા ફતેપુર (૩) શ્રી ડૉ. પ્રવીણભાઈ દોશીની નીમણુંક કરવામાં આવી હતી. આ કમિટીને પૂજ્ય ગુરુદેવશ્રીનો જન્મ જયંતી મહોત્સવ

ઉપરાંત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનો જન્મ જયંતી શ્રાવણ વદ ૨, પ્રૌઢ શિક્ષણશિબિર તથા પૂજ્ય ગુરુદેવશ્રીનો સમાધિદિન કારતક વદ ૭, વગેરે પ્રસંગોનું આયોજન કરવાનું તથા તેને લગતા દરેક કાર્યો કરવાની સંપૂર્ણ સત્તા આપવામાં આવેલ છે.

(૨) પૂજ્ય સદ્ગુરુદેવશ્રીના સમાધિ મંદિરના નિર્માણ માટે ટ્રસ્ટની સૂચના મુજબ બાંધકામ કમિટી તરફથી બે પ્રકારે એસ્ટીમેટ રજુ કરવામાં આવ્યા હતા તેમાં એક તો સંપૂર્ણ આરસ કામનાં બાંધકામનું એસ્ટીમેટ આશરે રૂા. પંદર લાખનું હતું તથા બીજું આર. સી. સી. સ્ટ્રકચર કરી ઉપર આરસના પાટીયા લગાડી તથા શીખરપાનેલ ઘુમટી વગેરેનું પોરબંદરી પત્થરમાં બનાવી તેના ઉપર ચીરોડી પ્લાસ્ટર કરી કામ કરવાનું ખર્ચ રૂા. પાંચ લાખનું એસ્ટીમેટ હતું. આ બન્ને એસ્ટીમેટ ઉપર વિચારણા કરી રૂા. પાંચ લાખનું એસ્ટીમેટ મંજૂર કરવામાં આવ્યું હતું અને તાકીદે કામ શરૂ કરવાનું તથા આવતા સમાધિ દિન પહેલા પૂર્ણ કરવાનું બાંધકામ કમિટીને સૂચન કરવામાં આવેલ છે.

(૩) આપણા માનનીય વયોવૃદ્ધ પ્રમુખશ્રી રામજીભાઈ દોશી આગામી ભાદરવા સુદ ૪ના દિને એકસો (૧૦૦) વર્ષમાં પ્રવેશ કરશે તેને અનુલક્ષીને તેઓશ્રીનો શતાબ્દિ જન્મ દિવસ આગામી શ્રાવણ વદ ૧ના રોજ સારા સ્તર ઉપર ઉજવવાનું ઠરાવવામાં આવેલ છે. આ પ્રસંગની ચિરસ્મરણરૂપે એક ગ્રંથમાળાની રચના કરવાની અને તે અંગે એક મોટું ફંડ ઉભુ કરવું અને આ ફંડમાંથી મૂળ પરમાગમો-શાસ્ત્રો પ્રકાશીત કરવા કે જે વખતો વખત પ્રકાશિત કરવાની ખાસ જરૂર છે. જે તેઓશ્રીની સેવાને અનુરૂપ આયોજન થશે અને આ આયોજન કરવા શ્રી સુપ્રિમ કમિટીને સત્તા આપવામાં આવેલ છે.

(૪) ઉપરોક્ત ખાસ કાર્યો ઉપરાંત અનેક સંસ્થાકીય-વહીવટને લગતા કાર્યો સર્વાનુમતે થયા હતા.

* * *

[ વૈરાગ્ય અને પુરુષાર્થપ્રેરક પુરાણ પ્રસંગ........પાનું ૨૩ થી ચાલુ ]

પ્રસાદ મળ્યો કે તમારા જેવાનો મેળાપ થયો. ત્યારે ગરુડેન્દ્રે કહ્યું કે તમારુ વચન હું પ્રમાણ રાખું છું, જ્યારે તમને મારું કામ પડશે ત્યારે હું તમારી સાથે છું.

અનેક દેવ મેઘ સમાન ધ્વનિ કરતા વાંજિત્રનાદ કરવા લાગ્યા. સાધુઓના પૂર્વ ભવ સાંભળી કેટલાય ઉત્તમ મનુષ્ય મુનિ થયા, કેટલાક શ્રાવકના વ્રત ધારણ કર્યા. તે દેશભૂષણ તથા કુળભૂષણ કેવળી જગત-પૂજ્ય, પૂર્વ સંસારના દુઃખથી રહિત નગર, ગામ, પર્વતાદિ સર્વ સ્થાનોમાં વિહાર કરતા ધર્મોપદેશ દેવા લાગ્યા આ બન્ને કેવળીના પૂર્વભવનું ચરિત્ર નિર્મળ સ્વભાવના ધારક જે ભવ્યજીવ શ્રવણ કરે તે સૂર્ય સમાન તેજસ્વી, પાપરૂપ અંધકારનો નાશ જલ્દીથી કરે છે.

—૦—

સમ્યક્ત્વ સુવર્ણજયંતીના મંગલ દિને દર્શનાર્થીઓની વિનંતિથી

## પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના

શ્રીમુખેથી નીકળેલાં ગુરુભક્તિ-નીતરતાં સત્પુરુષાર્થપ્રેરક

# મંગલ આશીર્વચન

પૂજ્ય બહેનશ્રી :—પૂજ્ય ગુરુદેવ કહેતા હતા કે બધાએ આત્માનું જ કરવાનું છે. ગુરુદેવનો જ બધો પ્રતાપ છે. મને તો આ બધું (હીરાથી વધાવવું વગેરે) ગમતું નથી, પણ બધા આ બહારનું બધું કરી મૂકે છે.

મુ. શ્રી રામજીભાઈ :—આજના દિવસે આપ અમને થોડાઘણા આશીર્વાદ આપો.

પૂજ્ય બહેનશ્રી :—ગુરુદેવે કહ્યું છે તે ગ્રહણ કરવાથી આત્મા આગળ વૃદ્ધિને પામે છે. ગુરુદેવે કહેલા અધ્યાત્મના માર્ગે ચાલવા જેવું છે. ગુરુદેવ કહેતા હતા: આત્મામાં અનંત શક્તિ છે.

મુ. શ્રી રામજીભાઈ :—પણ એની વ્યક્તિ કરે ત્યારે લાભ થાય ને?

પૂજ્ય બહેનશ્રી : એ તો પોતે કરે ત્યારે થાય. (નિમિત્તરૂપે) ગુરુદેવનો પ્રતાપ છે. ગુરુદેવનાં ચરણે આવ્યા એની—જેણે તત્ત્વ સમજી ગુરુદેવને અંતરથી ગ્રહણ કર્યા એની—વૃદ્ધિ થયા વગર રહેતી નથી. ગુરુદેવ કોઈ અપૂર્વ હતા. એ ભાવી તીર્થંકરનું દ્રવ્ય આ પંચમ કાળમાં આપણને અહીં મળ્યું હતું. એમની વાણી કોઈ અપૂર્વ હતી. એમની વાણીની પાછળ ચૈતન્યનો ચમત્કાર દેખાતો હતો. બધાંનાં ચૈતન્ય જાગી ઊઠે એવી એમની વાણી હતી. એમને, અંદર આત્મસ્વરૂપની સમજણના મહિમા સહિત, ગ્રહણ કર્યા એનો બેડો પાર થયા વગર રહેશે નહિ.

નિર્વિકલ્પ સ્વરૂપ ગુરુદેવે બતાવ્યું છે. નિર્વિકલ્પતા પ્રગટ થાય, આત્માનો આનંદ પ્રગટ થાય, એ બધો માર્ગ આખો ગુરુદેવે બતાવ્યો છે. બધા ક્રિયાકાંડમાં પડેલા હતા કે—બહારથી ધર્મ થાય....બહારથી ધર્મ થાય; પરંતુ ગુરુદેવે કહ્યું કે—શરીરથી, વચનથી, અરે! બધા વિકલ્પથી અતીત એવો આત્મા અંદર બિરાજે છે, એની સ્વાનુભૂતિ થાય એ માર્ગ છે. એ માર્ગ—નિર્વિકલ્પસ્વરૂપ—ગુરુદેવે બતાવ્યો છે. ગુરુદેવે આ પંચમ કાળમાં જન્મીને મહાન ઉપકાર કર્યો છે.

આત્મામાં એકલી જ્ઞાયકતા ભરી છે, અને અનંત કાળ ગયો તોય એ જ્ઞાયકતાની અનંત શક્તિ નાશ પામતી નથી; આનંદ ભર્યો છે, એ આનંદ કોઈ દી ઘસારો પામતો નથી. આત્મા જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે અનંત ગુણોથી ભરેલો છે; અનંત કાળ ગયો તોય એની અનંત શક્તિ કોઈ દી જરા પણ ઓછી કે વિકૃત થતી નથી. સિદ્ધ ભગવાન

અનંત કાળ સુધી કેવળજ્ઞાનરૂપે અને પરિપૂર્ણ આનંદરૂપે પરિણમ્યા કરે છે તોપણ તેમની જ્ઞાન, આનંદ વગેરે શક્તિઓ જરા પણ હીણી થતી નથી. એવા પરિપૂર્ણ આત્મા ઉપર દૃષ્ટિ કરે, વારંવાર એના ઉપર જોર આપે એટલે કે આ શરીરથી, વિભાવોથી ભિન્ન 'આ હું શાશ્વત આત્મા છું'—એવી દૃષ્ટિ કરે તો અંતરથી નિર્વિકલ્પ આનંદ પ્રગટ થયા વિના રહેતો જ નથી. માટે વારંવાર પ્રયત્ન કરી એ ભેદજ્ઞાનની ધારા પ્રગટ કરીને અંતરથી આત્માનું નિર્વિકલ્પ સ્વરૂપ પ્રગટ કરવું તે જ મુક્તિનો ઉપાય છે. ગુરુદેવે એ જ બતાવ્યું છે. ગુરુદેવે જે માર્ગ કહ્યો છે એ જ ગ્રહણ કરવા જેવો છે.

આત્મામાં જેને એ નિર્વિકલ્પતા પ્રગટ થાય છે તેને પછી પુરુષાર્થપૂર્વક તે ધારા ક્ષણે ક્ષણે વધતી જાય છે. એને બહાર ક્યાંય ગમતું નથી. એને પોતાનું ચૈતન્યઘર—નિર્વિકલ્પઘર—કે જે સંતોષનું ઘર છે, જે અનંત ગુણોથી ભરેલું છે—તેના વગર, વિકલ્પ છૂટતાં જે એક નવીન અદ્ભુત વસ્તુ પ્રાપ્ત થાય છે એના વગર, પોતાના સ્વભાવ વગર, ચેન પડતું નથી. માટે એની સાધકતા ક્ષણે ક્ષણે વધતી જાય છે. નિર્વિકલ્પતામાં જામી જવાય—એ જ કરવા જેવું છે; બીજુ કાંઈ કરવા જેવું નથી. ગુરુદેવે જ એ માર્ગ બતાવ્યો છે. બાકી (લોકો) આ બધું કરે છે એમાં ગુરુદેવ વગર સૂનકાર લાગે છે. ગુરુદેવ હતા એ વાત આખી જુદી જ હતી. બાકી આત્માનો આનંદ અંતરથી પ્રગટ કરવો—એ ગુરુદેવે બતાવ્યું છે. એ જ કરવા જેવું છે.

## આત્મધર્મ માસિક-પત્ર સંબંધી માહિતી


પ્રકાશન સ્થાનઃ—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

પ્રકાશન તારીખઃ—દરેક માસની પહેલી તારીખ

પ્રકાશકઃ—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

મુદ્રકઃ—અજિત મુદ્રણાલય, સોનગઢ

સંપાદકઃ—નાગરદાસ બી. મોદી

તંત્રીઃ—ડૉ. ચંદુભાઈ ટી. કામદાર

રાષ્ટ્રીયતાઃ—ભારતીય

માલિકઃ—શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

—વ્યવસ્થાપક (મેનેજર)

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

# સુવર્ણપુરી સમાચાર

પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રીની આધ્યાત્મિક તીર્થભૂમિ સુવર્ણપુરીમાં ધાર્મિક કાર્યક્રમ યથાપૂર્વ બરાબર નિયમિત ચાલે છે. સવારે શ્રી સીમંધર આદિ જિનેન્દ્રભગવંતોની શુદ્ધામ્નાયથી પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીનું સમયસારના મોક્ષ અધિકાર પર ટેઈપ-પ્રવચન, બપોર પછી સમયસારના નિર્જરા-અધિકાર પર વાંચન, જિનેન્દ્રભક્તિ તથા રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' પર ટેઈપ-પ્રવચન. એ રીતે પૂજ્ય ગુરુદેવના પ્રવચન-ગુંજારવથી અત્રેની દૈનિક ચર્યા નિયમિતપણે ગૂંજતી રહે છે.

ફાગણમાસના નંદીશ્વર-અષ્ટાહ્નિકા પર્વમાં શ્રી પંચમેરુ-નંદીશ્વર મંડલ વિધાન પૂજા સ્વ. મરઘાબેન મગનલાલ પારેખના પરિવાર તરફથી રાખવામાં આવી. ફાગણ સુદ ૧૩ શ્રી પરમાગમમંદિરનો વાર્ષિક પ્રતિષ્ઠા-દિન ઉલ્લાસ સહ ઉજવવામાં આવ્યો હતો. સવારે પરમાગમમંદિરમાં સમૂહપૂજા, તે પ્રસંગે ગગનચુંબી શિખરો પર ધ્વજારોહણ, પૂજ્ય ગુરુદેવશ્રીના ટેઈપ-પ્રવચન પછી શ્રી જિનેન્દ્રભગવાનની ભવ્ય રથયાત્રા, બપોર પછીના વાંચન બાદ શ્રી પરમાગમમંદિરમાં જ્ઞાનવૈરાગ્યપ્રેમી આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહ દ્વારા શ્રી મહાવીર જિનેન્દ્ર તેમ જ પરમાગમ જિનવાણીની ભક્તિ, સાંજે આરતી વગેરે વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ફાગણ સુદ ૧૩ના શુભ દિને રથયાત્રા પછી શ્રી મનહરલાલ મગનલાલ પારેખ (વર્ષ ૪૯) તથા તેમના ધર્મપત્ની શ્રી મંજુલાબેન (વર્ષ ૪૭) બન્નેએ સજોડે મૂળનાયક વિદેહીનાથ શ્રી સીમંધરભગવાનના જિનબિંબ સમક્ષ આજીવન બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા અંગીકાર કરી હતી.

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં કરકમળે સ્વસ્તિક વગેરે વિધિ કરીને, ફાગણ વદ ત્રીજના દિને સવારે પંચમેરુ-નંદીશ્વર જિનાલયના બારસાખ મૂકવાનું મંગલ મુહૂર્ત, ટ્રસ્ટના પ્રમુખ માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી તથા શ્રી આણંદલાલ નાનાલાલ જસાણીના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રૂા. ૫૦૦૧, એક સદ્‌ગૃહસ્થ (હા. પૂ. બહેનશ્રી ચંપાબેન), રૂા. ૧૫૧, શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી તથા રૂા. ૧૫૧, શ્રી આણંદલાલ નાનાલાલ જસાણી તરફથી પંચમેરુ-નંદીશ્વર-જિનાલય ખાતે જાહેર કરવામાં આવ્યા હતા. * * *

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ સુવર્ણ જયંતી મહોત્સવની ખુશાલીમાં લગભગ રૂા. ૧।। લાખની રકમ દાતાઓ તરફથી સંસ્થાના વિવિધ ખાતાઓ માટે જાહેર થઈ હતી; સ્થળ સંકોચના કારણે આ વિગત આવતા અંકમાં છાપવામાં આવશે.

શ્રી કાંતિલાલ હરીલાલ ભાયાણી જેઓએ આપણા દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢની છેલ્લા ૧૧ વર્ષથી મેનેજર તરીકે તથા એક મુમુક્ષુ તરીકે ખંતથી સેવા કરી છે તેમ જ સંસ્થાનો વહીવટ કુશળતાથી કરેલ છે તેઓ સંસ્થામાંથી રાજી ખુશીથી છૂટા થયા છે. આ સંસ્થાની તેઓએ કરેલ સેવા બદલ સંસ્થા તેઓની હૃદયપૂર્વક કદર કરે છે તથા આભાર માને છે.

**સૂચનાઃ**—ભાવિ તીર્થંકર પુરુષોત્તમ પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનને આલેખતું એક કાયમી છબી (ફોટો) પ્રદર્શન-સંગ્રહાલયનું શ્રી સ્વાધ્યાયમંદિર સોનગઢમાં નિર્માણ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ છબી પ્રદર્શન-સંગ્રહાલયમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિવિધ લાક્ષણિક મુખમુદ્રાઓના ફોટાઓ, વિવિધ પ્રસંગના ફોટાઓ, વિશિષ્ટ વ્યક્તિઓ સાથેના ફોટાઓ આદિ સુવ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવશે. આ અંગે દરેક મુમુક્ષુઓને જણાવવામાં આવે છે કે જેઓની પાસે પૂજ્ય ગુરુદેવશ્રીની વિવિધ મુદ્રાઓના, પરિવર્તન પહેલાંના, પ્રવચનની મુદ્રાઓના કે અન્ય વિશેષ પ્રકારના જે કોઈ ફોટાઓ ઉપલબ્ધ હોય તેઓએ તેમાંની એક-એક નાની પ્રીન્ટ નીચેના એડ્રેસ ઉપર મોકલવા વિનંતી છે. આપની આ નાની પ્રીન્ટ આપને થોડા સમય બાદ રજીસ્ટર પોસ્ટથી સાંચવીને પહોંચાડવામાં આવશે. તદુપરાંત આપની જાણમાં હોય તેવા પૂજ્ય ગુરુદેવશ્રીના ફોટા પાડનાર ફોટોગ્રાફર્સ તેમ જ સંગ્રહકારોના એડ્રેસ પણ અમને જણાવશો. જેથી અમે તેઓનો સંપર્ક સાધી શકીયે. આ ઉત્તમકાર્યમાં આપ સહભાગી બનીને આયોજનને સફળ બનાવવા મદદગાર બનશોજી. ફોટો મોકલવાનું એડ્રેસઃ—

"છબી પ્રદર્શન-સંગ્રહાલય"

શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, **સોનગઢ** (સૌરાષ્ટ્ર) પીન ૩૬૪ ૨૫૦

## * ધર્મ—પ્રભાવના *

૦ દાહોદ, પ્રતાપગઢ, મનસૌર, આલોટ, અશોકનગર, સાગર અને ખુરઈ પં. શ્રી હિંમતભાઈ ઝોબાલિયા (સોનગઢ) દ્વારા ઘણી ધર્મપ્રભાવના થઈ હતી. તેઓશ્રીના આધ્યાત્મિક પ્રવચનો સાંભળીને દરેક ગામના મુમુક્ષુ ભાઈ-બહેનો બહુ પ્રમુદિત થયા હતા. તેમજ પં. શ્રી હિંમતભાઈને વારંવાર પધારવાનું આમંત્રણ આપતા હતા. શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળ, ગઢડાના આમંત્રણને સ્વીકારીને તેઓશ્રી તા. ૩૦-૩-૮૨ થી તા. ૧-૪-૮૨ સુધી પ્રવચન-પ્રભાવના અર્થે ગઢડા જશે.

૦ શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળ હિંમતનગરના આમંત્રણથી ફાગણમાસની અષ્ટાન્હિકા પર્વ ઉપર પં. શ્રી પ્રાણભાઈ કામદાર (દાકર) પ્રવચનાર્થે ગયા હતા. તેઓશ્રીના આધ્યાત્મિક પ્રવચનોથી જિજ્ઞાસુઓમાં ધાર્મિક ઉત્સાહ વૃદ્ધિગત પામ્યો હતો.

( અનુસંધાન ટાઈટલ ૪થી ચાલુ )

| | | |
|---|---|---|
| २ | तीर्थंकर महावीर और उनका सर्वोदय तीर्थ | ६–०० |
| ३ | ,, ,, ,, ,, मराठी | ४–०० |
| ४ | ,, ,, ( पाकेट साइजमें ) | २–०० |
| ५ | पंडित टोडरमल शोध प्रबंधका सारांश | ०–२५ |
| ६ | मैं कौन हूँ ? | १–२५ |
| ७ | पं. टोडरमलका जीवन और साहित्य | ०–६५ |
| ८ | वीतराग विज्ञान पर शिक्षण–निर्देशिका | ३–०० |
| ९ | अनेकांत और स्याद्वाद | ०–३५ |
| १० | तीर्थंकर भगवान महावीर | ०–४० |
| ११ | वीतराग व्यक्तित्व भगवान महावीर | ०–२५ |
| १२ | चैतन्य चमत्कार | १–०० |
| १३ | गोम्मटेश्वर बाहुबली | ०–४० |
| १४ | पंडित बनारसीदास जीवन–साहित्य | ०–३० |
| १५ | निमित्त–नैमित्तिक सम्बन्ध क्या है ? | ०–१५ |
| १६ | अपनेको पहिचानिए | ०–५० |
| १७ | पंचम गुणस्थानवर्ती श्रावक और उसकी ग्यारह प्रतिमाएँ | ०–३५ |
| १८ | अर्चना ( पूजन संग्रह ) | ०–४० |
| १९ | बालबोध पाठमाला भाग १ | ०–५० |
| २० | ,, ,, ,, २ | ०–८५ |
| २१ | ,, ,, ,, ३ | ०–८५ |
| २२ | वीतराग विज्ञान पाठमाला भाग–१ | ०–७० |
| २३ | वीतराग विज्ञान पाठमाला भाग–२ | १–०० |
| २४ | ,, ,, ,, ३ | १–०० |
| २५ | तत्त्वज्ञान पाठशाला भाग १ | १–२५ |
| २६ | ,, ,, ,, २ | १–४० |
| २७ | सुन्दर लेख बालबोध पा. भाग १ | ०–४० |
| २८ | मैं ज्ञानानन्द स्वभावी हूँ ( कैलेन्डर ) | ०–५० |
| २९ | सत्यकी खोज ( कथानक ) भाग १–२ | ४–४० |
| ३० | सुन्दर लेखन कोपी | ०–४० |
| ३१ | क्रमबद्धपर्याय | ४–५० |
| ३२ | भरत बाहुबली नाटक | १–०० |
| ३३ | नय चक्र | १५–०० |
| ३४ | प्रवचन रत्नाकर भाग–१ | १०–०० |

## श्री वीतराग सत् साहित्य प्रसारक ट्रस्ट, भावनगर

द्वारा प्रकाशित

| | | |
|---|---|---|
| १ | प्रवचनसार ( अमृतचन्द्राचार्य तथा जयसेनाचार्यकी टीका सहित ) | १२–५० |
| २ | पंचास्तिकाय संग्रह | ७–५० |
| ३ | बृहद् द्रव्यसंग्रह | ८–०० |
| ४ | अष्टपाहुड | प्रेसमें |
| ५ | श्रावकधर्म प्रकाश | ६–०० |

### —: आवश्यक सूचना :—

(१) पुस्तकें मँगवानेवालेको मूल्यके अलावा पोस्टेज, पेकिंग तथा रेलवे चार्ज आदि अलग देना होगा।

(२) ऑर्डरके साथ ही ड्राफ्ट अथवा मनीऑर्डर द्वारा रुपये भिजवाये।

(३) ऑर्डरके साथ यदि ड्राफ्ट या मनीऑर्डर नहीं आया तो पुस्तकें वी. पी. द्वारा भेजी जायेंगी, जिससे आपको अधिक खर्च आयेगा।

—: प्राप्तिस्थान :—

१. श्री दि. जैन स्वाध्यायमन्दिर ट्रस्ट
सोनगढ ( सौराष्ट्र )

२. श्री टोडरमल स्मारक भवन
ए–४, बापूनगर जयपुर–४ ( राज० )

३. श्री वीतराग सत् साहित्य प्रसारक ट्रस्ट भावनगर ( सौराष्ट्र )